# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર– ૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- પ.પૂ.મહાત્મા યોગેશ્વરજી અને પૂ.મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website www.swargarohan.org**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્‌ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| વિનોબાજીની અમૃત વાણી | વિનોબાજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત– | | |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૫ |
| મહાપુરુષોની આળખ | યોગેશ્વરજી | ૧૦ |
| ગંગા લહરી (૪) | પરમાર્થી | ૧૩ |
| મૌનનું મહત્ત્વ | મા સર્વેશ્વરી | ૧૭ |
| Amazing Experiences | Hitesh Lad | 24 |
| જીવ પાછો ફરીને કેમ આવે છે? | સ્વામી રામસુખદાસજી | ૨૯ |
| પૂ. માની યુવા શિબિરના પ્રતિભાવો | અર્પિતા જોષી | ૩૬ |
| જે સરે તે સંસાર, જે જાય તે જગત. | પૂ. મોટા | ૪૧ |
| જ્ઞાનની ગંગોત્રી | સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી | ૪૩ |
| The Messages I Learnt from Maa | Gopi Rama | 50 |
| અણિશુદ્ધ ઈમાનદારી | અનંત શુક્લ | ૫૩ |
| પૂ. માએ ૧૦૧૨પુષ્પોની હારમાળા પ્રભુને ચઢાવી | અશ્વિનકાકા | ૫૭ |
| કલિયુગમાં નામજપ | સ્વામી અભિરામદાસજી ત્યાગી | ૬૦ |

## સદ્ભાવભરી સહાય

—મા સર્વેશ્વરી

**નેત્રંગના ગુલાબબાની આંગળી પકડી ૧૯૮૪ થી સ્વર્ગારોહણ જેઓ આવતા રહ્યાં છે. વિદેશમાં વસે છતાં માને મળતા રહ્યાં છે. ગુપ્ત સત્કર્મમાં શ્રીલક્ષ્મી વાપરતાં રહ્યાં છે એવાં ધર્મપ્રેમી શ્રી હંસાબેન રમણભાઈ ભક્ત (નનસાડ)ના સૌજન્યથી આ અંક પ્રકાશીત થઈ રહ્યા છે.**

**અભિનંદન—આભાર.**

—આશીર્વાદ પ્રભુના



# વિનોબાજીની અમૃતવાણી

**—વિનોબાજી**

જીવનમાં થતાં સાદાં કર્મો, સાદી ક્રિયાઓ પરમેશ્વરને અર્પણ કરો, એટલે જીવનમાં સામર્થ્ય કેળવાશે. મોક્ષ હાથમાં આવશે. કર્મ કરવું અને તેનું ફળ ફેંકી ન દેતાં તે ઈશ્વરને અર્પણ કરવું, એવો આ રાજયોગ કર્મયોગથીયે એક ડગલું આગળ જાય છે. કર્મયોગ કહે છે, 'કર્મ કરો ને તેનું ફળ છોડો; ફળની આશા ન રાખો,' કર્મયોગ આટલેથી અટકી જાય છે. રાજયોગ આગળ વધીને કહે છે, 'કર્મનાં ફળ ફેંકી ન દઈશ. બધાં કર્મો ઈશ્વરને અર્પણ કર. એ ફૂલો છે. તેના તરફ આગળ લઈ જનારાં સાધનો છે. તે તેની મૂર્તિ પર ચડાવી દે. એક તરફથી કર્મ અને બીજી તરફથી ભક્તિ એવો મેળ બેસાડીને જીવનને સુંદર કરતો કરતો આગળ જા. ફળનો ત્યાગ ન કરીશ. ફળને ફેંકી દેવાનું નથી પણ તેને ઈશ્વરની સાથે જોડી આપવાનું છે.' કર્મયોગમાં તોડી લીધેલું ફળ રાજયોગમાં જોડી દેવામાં આવે છે. વાવવું ને ફેંકી દેવું એ બે વાતમાં ફેર છે. વાવેલું થોડું સરખું અનંતગણું થઈને, ભરપૂર થઈને મળશે, ફેંકેલું ફોગટ જશે. ઈશ્વરને જે કર્મ અર્પણ થયું તે વવાયું જાણવું. તેથી જીવનમાં અપાર આનંદ ઊભરાશે અને પાર વગરની પવિત્રતા આવશે.

**સાભાર સ્વીકાર**

આ પૃષ્ઠ માટેની સદ્ભાવભરી સહાય શ્રી કલ્પનાબેન રાજેન્દ્રભાઈ પટેલ, શ્રી રાજેન્દ્ર વી. પટેલ તરફથી.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૮ ફેબ્રુઆરી–૨૦૧૭ અંક ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ ()**

**તા.૨૨/૧૨/૮૨, બુધવાર, માગસર સુદ સાતમ, ૨૦૩૯.**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.**

આજનો ક્રમ પણ નિયમિત. છેલ્લા એક માસથી પૂ.શ્રી પોતાની ગંભીર માંદગી પછી પ્રથમવાર જ આટલા જલદી ઊઠીને નિત્યક્રમમાંથી નિવૃત્ત થાય છે. પ્રભુની કૃપા છે કે થાક લાગતો નથી. શરીર ખૂબ જ સારી રીતે સેવા આપી રહ્યું છે, એવું પૂ.શ્રી ઘણીવાર કહે પણ છે.

શ્રી રામકૃષ્ણ સેન્ટરના સ્વામી શ્રી શિવપાદાનંદજીએ આજે પૂ.શ્રીને ખાસ અંગત આમંત્રણ આપ્યું છે. તેથી આજે સાડા બાર પછી ત્યાં મુલાકાત માટે જ જવાનું છે. સ્વામીજીએ પૂ.શ્રીને આજે સાથે ભોજન લેવાનું પણ પ્રેમપૂર્વક આમંત્રણ આપ્યું હતું. પણ પૂ.શ્રીએ પોતાનો નિયમ જણાવતાં સ્વામીજીએ આગ્રહ કર્યો



ન હતો.

શ્રી રામકૃષ્ણ સેન્ટર સ્વામીજીના નેતૃત્વ હેઠળ ખૂબ સારાં કાર્યો કરી રહ્યું છે. ઉપનિષદના શિક્ષણના હિન્દી ભાષાના વર્ગો ચાલી રહ્યા છે. દર શનિ–રવિ સત્સંગ, ભજન–કીર્તન ને પ્રવચનો થાય છે. જનતા એમાં ઘણા મોટા પ્રમાણમાં લાભ લે છે. યુનિવર્સિટીના યુવાનોને ધર્મ પ્રત્યે વાળવાનો આ સંસ્થાનો પ્રયત્ન સફળ થઇ રહ્યો છે. સ્વામીજીના બે સહાયકો સ્વામી પ્રેમાનંદ અને સ્વામી શારદાનંદ યુવાન સંન્યાસીઓ છે. તેઓ પણ સુંદર કાર્ય કરી રહ્યા છે.

સ્વામી શ્રી શિવપાદાનંદજીનો પરિચય આપવો હોય તો તે બે જ વિશેષણોમાં આપી શકાય : પવિત્ર પ્રેમના મૂર્તિમંત સ્વરૂપ અને નમ્રતાના ભંડાર.

સ્વામીજીના અલૌકિક વ્યક્તિત્વને લીધે, એમના પ્રત્યેના વિશેષ પ્રેમ ને આદરભાવને લીધે જ પૂ.શ્રી પણ તેમના આમંત્રણનો સહજ રીતે જ સ્વીકાર કરી લેતા જણાય છે.

સ્વામી શ્રી શિવપાદાનંદજી અને પૂ.શ્રી યોગેશ્વરજીનું મિલન શ્રીપ્રભુની પરમ મંગલમયી ઇચ્છા ને યોજનાના એક ભાગરૂપે જ હોય એવું લાગે છે.

આજે સાડા બાર વાગ્યે અમે શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં શ્રી રતિભાઈ સાથે પહોંચી જઇએ છીએ.

સ્વામીજી પોતાની બેઠક ઉપરથી ઊભા થઈને અમને લેવા સામે આવે છે. નમસ્કારવિધિ પૂર્ણ થયો એટલે પૂ.શ્રી બાજુમાં મુકાયેલા બીજા સોફા ઉપર બેસે છે. શિવપાદાનંદજીનું ધ્યાન જતાં તરત જ પોતાની બેઠક ઉપર જ પૂ.શ્રીને આગ્રહ કરીને

બેસાડે છે. પોતે પેલા બીજા સોફા ઉપર બેસે છે.

યોગાનુયોગ આજે શ્રી શારદામાતાનો જન્મદિન છે. પૂ.શ્રી એ અંગે વાતો શરૂ કરે છે. પછી, પૂ.શ્રીની રચેલી શારદામણિદેવીની સ્તુતિ કે જે પૂ.શ્રીના 'આરતી' નામની ભજનસંગ્રહમાં છે તે સ્તુતિ ગાવાનું પૂ.શ્રી શરૂ કરે છે. પછી તે સ્તુતિ ગાવાનું હું શરૂ કરું છું.

સ્તુતિની ચોથી લીટી 'શ્રી શારદા નમન હો શતવાર મારાં' તો સ્વામીજી અને પૂ.શ્રી પણ ગાવા લાગે છે. સ્વામીજી તો એ લીટી બોલતાં બોલતાં ભાવપૂર્વક હાથ ઊંચા કરી માતાને પ્રણામ કરતા રહે છે.

વચ્ચે વચ્ચે પૂ.શ્રી કોઈ કોઈ પંક્તિઓનો અંગ્રેજી અનુવાદ કરીને સમજાવે છે.

સ્વામીજીને મળવા આવનાર ચારપાંચ ભાઈબહેનો પણ ત્યાં બેઠાં છે. તેઓ પણ આ સ્તુતિ સાંભળે છે.

સ્તુતિ સાંભળીને સ્વામીજી પ્રસન્ન થઈ જાય છે. સ્તુતિ ટેઈપ કરવા, વચ્ચે જ ઈશારો કરીને ટેઈપ—રેકોર્ડર મંગાવે છે.

વળી, પૂ.શ્રી એક ગુજરાતી કાવ્ય અંગ્રેજી અનુવાદ સાથે સંભળાવે છે. એક વાર પૂ.શ્રીએ કહેલું કે હું જરૂર તમને એક—બે ગીતો સંભળાવીશ. એ મુજબ આજે પૂ.શ્રીએ વણમાંગ્યે બે ગીતો સંભળાવ્યાં.

ત્યાં તો સ્વામીજી ભોજન માટે તૈયારી કરાવવા લાગ્યા. અમે જ્યાં બેઠાં હતાં ત્યાં જ એક ટેબલ ને ચાર ખુરશી મંગાવવામાં આવ્યાં. એના ઉપર ખાદ્ય પદાર્થો, દૂધ ને ફળ પણ આવી ગયાં.



પૂ.શ્રીએ ફળ—દૂધ જ લેવાની હા પાડેલી તે મુજબ પૂ.શ્રીએ ફળ—દૂધ લીધાં. પૂ.શ્રીએ ભોજન ના લીધું, તેથી સ્વામીજીએ પણ ફળ દૂધ જ લીધાં. શ્રી રામકૃષ્ણ સેન્ટરના પવિત્ર સ્થળમાં પ્રસાદીરૂપે મારે પણ એક ફળ લેવું પડ્યું. શ્રી. રતિભાઈએ પણ અમારી જેમ ફળ—દૂધ જ લીધાં.

ટેબલ પાસે નીચે બે રંગીન પક્ષીઓ ફરતાં હતાં. તે બન્ને પક્ષીઓ અહીં પોતાની મેળે જ આવ્યાં છે એમ સ્વામીજીએ કહ્યું. પક્ષીઓ નિર્ભય રીતે ફરતાં હતાં. પૂ.શ્રીએ કહ્યું : પહેલાંનાં કોઈ ભક્ત હશે. તો જ અહીં પોતાની મેળે આવે ને!

ફળાહાર બાદ સ્વામીજીએ પૂ.શ્રીને કહ્યું : આપનાં જે અંગ્રેજી પ્રવચનો છે તે અને ગુજરાતી પ્રવચનોનો પણ અનુવાદ કરાવીને અમે પ્રકાશિત કરીએ એ માટે આપ મંજૂરી આપો. પૂ.શ્રીએ સંમતિ આપી. બીજું પણ એકાદ પુસ્તક શ્રી રામકૃષ્ણ સેન્ટર છાપી શકે એવી પણ વાતો થઈ.

સ્વામી શ્રી શિવપાદાનંદજીના સાધના વિશે જાણવાની મને ઈચ્છા હતી, તેથી પૂ.શ્રીએ અંગ્રેજીમાં પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી :

આપે સંન્યાસ ક્યારે લીધો?

શ્રી રામકૃષ્ણ સેન્ટરમાં કેવી રીતે જોડાયા?

આપના આધ્યાત્મિક જીવન વિશે કંઈક જણાવી શકશો?

સ્વામીજીએ ખૂબ સંકોચ સાથે પ્રેમથી પોતાના આધ્યાત્મિક જીવનની ગુપ્ત વાતો કહી સંભળાવી, જેની મેં નોંધ કરી લીધી.

આજે આખો દિવસ સ્વામીજીએ પૂ.શ્રી માટે ફાળવ્યો હતો, પણ અમે બે કલાક ત્યાં રોકાયા પછી રજા લીધી. સ્વામીજી સાથે

હૉલના મુખ્ય ભાગમાં તસવીરો લીધી. વળી, હૉલની બહાર શ્રી રામકૃષ્ણદેવની ઊભેલી સફેદ મૂર્તિ પાસે પણ અમારી એક તસવીર લીધી.

સ્વામીજી સંસ્થાની ઉપર જ્યાં ગાડી પાર્ક કરી હતી ત્યાં સુધી વિદાય આપવા આવ્યા. ફરીથી અસરપરસ પ્રણામ કરીને અમે વિદાય લીધી.

સ્વામીજીનો પ્રેમભાવ અદ્‌ભુત હતો. સંસ્થાના સંચાલક તરીકે તેમની પ્રભુએ સુયોગ્ય પસંદગી કરી છે એવું લાગ્યા વિના રહેતું નથી.

અમે સાડા ત્રણ વાગ્યે ઉતારા ઉપર આવ્યા. આરામ કર્યો.

સાંજે ધ્યાનની બેઠક થઈ. બેઠક પછી પૂ.શ્રીએ પાર્વતીની પરીક્ષા ને ભરતનો પ્રસંગ રામાયણમાંથી ગાઈ સંભળાવ્યો.

પૂ.શ્રીએ આલાપ સાથે વિવિધ રીતે કોઈ કોઈ લીટી ગાઈ સંભળાવી. તેથી શ્રી. વી. ગોસાઈએ પ્રશ્ન પૂછ્યો કે આપે સંગીતનો અભ્યાસ કર્યો હોય એવું લાગે છે. આરોહ સાથે ગાઓ છો ને! પૂ.શ્રીએ કહ્યું : આપણો તો એક જ રાગ ચલતી અને પ્રભુનો જ રાગ. શ્રોતાઓનો, સંસારનો નહીં. પ્રભુ સામે ગાવું. પ્રભુ માટે ગાવું. મીરાં પગે ઘૂંઘરું બાંધી નાચી; પણ તે જનતા સામે હૉલમાં નહીં, ઓરડામાંની પ્રભુમૂર્તિ સામે. એવો એક જ રાગ પ્રભુનો.

ભારતથી પરદેશ આવનાર કથાકારો કેવી કેવી રીતે પૈસા કઢાવે છે તેની થોડી વાતો થઈ. પછી, સૌ વિદાય થયાં.

નાસ્તો લઈને આરામ કર્યો.

(ક્રમશઃ)



# મહાપુરુષોની ઓળખ

—યોગેશ્વરજી

રામકૃષ્ણ પરમહંસદેવની પાસે એક પંડિતજી આવ્યા. તેમણે પરમહંસદેવ સાથે એક જ આસન પર બેસી કહેવા માંડ્યું : ‘શું તમે પરમહંસ છો? વાહ, ખરા પરમહંસ! લોકો તમને પરમહંસ કહે છે પણ તેઓ શું જાણે? તેમને કોઈએ ભરમાવ્યા લાગે છે. ઠીક પરમહંસ, જરા હુક્કો તો પીવડાવો.’

પરમહંસદેવે તેમને હુક્કો આપ્યો. પંડિત હુક્કો ગગડાવવા માંડ્યા.

એટલામાં તેમની નજર દીવાલ પર ટીંગાડેલા પરમહંસદેવના સુંદર કોટ પર પડી. એ જોઈ તે બોલી ઉઠ્યા : ‘શું તમે કોટ પણ રાખો છો?’

પરમહંસદેવ પણ ક્યાં ગાંજ્યા જાય તેવા હતા? તેમણે પંડિતજીનું ધ્યાન ઓરડાના ખુણા તરફ દોર્યું. ત્યાં નવા સુંદર બુટ પડ્યા હતા. તે જોઇને તો તેમના આશ્ચર્યનો પાર રહ્યો નહીં. તેમને નક્કી થયું કે પરમહંસદેવ ઢોંગી છે, ને તેમની જાળમાં લોકો ફોગટ ફસાયાં છે. નમસ્કાર કર્યા વગર જ પંડિત ત્યાંથી ઉઠીને ચાલ્યા ગયા.

સાંજનો સમય થયો હોવાથી ગંગાકિનારે જઇ તે સંધ્યા કરવા બેઠા.

થોડા વખત પછી તેમને એમ લાગ્યું—કોઈ તેમનું આકર્ષણ કરી રહ્યું છે. સંધ્યા પૂરી કરી તે જલદી પરમહંસદેવના ઓરડામાં

આવ્યા તો ત્યાં શું જોયું? પોતાના રોજના નિયમ પ્રમાણે પરમહંસદેવ આસન પર બેસી ધ્યાનમાં મગ્ન હતા. તેમના નેત્રમાંથી આંસુ વહી રહ્યાં હતાં. મુખ પર જે ભાવો હતા એ જોઈને પંડિતજીનું હૃદય પલટાઇ ગયું. પરમહંસદેવ પાસે બેસતાં તેમને અજબ શાંતિ લાગવા માંડી. પરમહંસદેવ સાચા મહાપુરુષ છે એવી તેમને ખાતરી થઈ. તેમને સમજવામાં પોતે ભૂલ કરી છે તેનો પસ્તાવો પણ થયો.

એટલામાં એ મહાપુરુષનું ધ્યાન પુરું થયું. એમણે નેત્ર ઉઘાડ્યાં, એટલે પંડિતજી તેમના ચરણમાં પડ્યા. તેમની આંખમાંથી પશ્ચાતાપનાં અશ્રુ વહેવા માંડ્યાં. પોતે કરેલી ભૂલ માટે તેમણે પરમહંસદેવની માફી માગી.

પરમહંસદેવે કહ્યું : ‘મહાત્માઓની કસોટી બહારના દેખાવ પરથી કરવી નહીં. બની શકે તો તેમના હૃદયમાં ડુબકી મારવી. તેમના હૃદયને ઓળખવાનો પ્રયાસ કરવો ને તે પરથી તેમના વિશે નિર્ણય કરવો. નહીં તો તેમને નમસ્કાર કરીને રસ્તે પડવું. બાકી પુરતી તપાસ વિના બે–ત્રણ બાહ્ય વસ્તુઓની મદદથી તેમને વિશે મત બાંધવો તે અપરાધ છે.’

પરમહંસદેવનાં આ વચનો સૌએ યાદ રાખવાં જેવાં છે. એનો અર્થ નથી કે માણસે મહાત્માઓના બાહ્ય સ્વરૂપને જોવાં જ નહીં, અથવા તેથી એમ પણ નથી સમજવાનું કે મહાત્માઓએ પોતાના બાહ્ય જીવનધોરણ કે સ્વરૂપ પ્રત્યે દુર્લક્ષ રાખવું. સાર એટલો છે, કે બહારની રીતે વિચિત્ર લાગતા જીવન ને સાધનવાળા માણસો પણ અંદરખાનેથી કેટલીકવાર મહાપુરુષ ને



ગાંઠે બાંધેલા રતન હોય છે. મૂળ વાત તો એ છે, આ સંસારમાં મહાપુરુષોનું મિલન થવું દુર્લભ છે. ગીતાએ જેમને સ્થિતપ્રજ્ઞ કહ્યા છે તેવા પુરુષો કરોડોમાં કોઈક જ મળે છે. ને પુર્વજન્મનાં સત્કર્મોનાં ફળરૂપે તેમનું મિલન થઈ જાય તો પણ, તેમને ઓળખવાનું કામ કઠિન છે. તે પોતે જ જ્યાં સુધી કૃપા કરીને પોતાનું રહસ્ય ન ખોલે, ને પોતે કોણ ને કેવા છે તેની સમજ ન આપે, ત્યાં સુધી તેમને ઓળખવાનું કામ કપરું છે. આ સંબંધમાં જે વાત ઈશ્વર વિશે કહેવામાં આવી છે તે સંતોને પણ લાગુ પડે છે.

જેમ ઈશ્વર અગમ્ય છે, તેમ સંતો પણ અગમ્ય છે. ઈશ્વરને કોણ ઓળખી શકે? જેના પર તે કૃપા કરે ને કૃપા કરી અર્જુનની જેમ અજ્ઞાનનું આવરણ હઠાવી દઈ જેને તે દિવ્ય દૃષ્ટિ આપે તે. પણ ઈશ્વર કાંઈ દયાળુ નથી એવું થોડું જ છે? તેની કૃપા માટે માણસે તૈયાર થવું—આતુર બનવું જોઈએ. તેવી રીતે ઈશ્વરની કૃપા મેળવી ચુકેલા સંતોને મળવાની જેને લગની લાગે ને જેનું દિલ તેવા મહાપુરુષોને મળવા તલપાપડ બની જાય, તેને મહાપુરુષોનું દર્શન જરૂર થાય. મહાપુરુષોની કૃપાથી તે તેમને ઓછાવત્તા પ્રમાણમાં ઓળખી પણ શકે—તેમને સેવીને લાભ પણ ઉઠાવી શકે.

**એક હી સાધન સબ રિદ્ધિ સિદ્ધિ સાધરે,**
**નામ જપ નામ જપ નામ જપ બાવરે.**

**—તુલસીદાસજી**

# ગંગાલહરી (૪)

—પરમાર્થી

મા ગંગાની પંડિત જગન્નાથજીની સંસ્કૃતમાં રચાયેલ અદ્‌ભુત કાવ્ય રચનાનો ગુજરાતીમાં કાવ્યમાં ભાવાનુવાદ.

—તંત્રી

૩૨

નેત્રો નકામા, નિરખે નહીં જો
આનંદકારી રમણીય તારી
રે દિવ્યમૂર્તિ શુભતત્ત્વયુક્ત!
ધિક્કાર હો બે શ્રવણો વિકારી
જો સાંભળે ના મધુ નાદ તારો
સ્વર્ગીય નિત્યે સુખ અર્પનારો!

૩૩

સૌ પુણ્યશાળી જીવ સ્વર્ગમાંહે
બેસી વિમાને નિજ મોજ માણે!
પાપી સદા તો નરકે સિધાવે
તારો કદી તે મહિમા ન જાણે!
જ્યાં તું નથી ત્યાં નિત ભેદકેરા
દુઃખો સહે જીવ ઘણા અનેરા!

૩૪

સુવર્ણ ચોરે, મદિરા પીવેને
જુએ સતીને નિતદુષ્ટકામે!



ને બ્રહ્મહત્યા કરનાર જો મરે,
તારે તટે તો ગતિ શ્રેષ્ઠ પામે!
સામર્થ્ય તારું જનની અનન્ય
વખાણતા દેવ જનો સદાય!

૩૫

હરે વિયોગી જનના જીવો તે
સુદિવ્ય પુષ્પોની સુગંધ લાવે
ગણાય તે દુર્લભ વાયુ દેવ!
મા તે તમારો યદિ સ્પર્શ પાવે
ત્રિલોકને તૂર્ત કરે પવિત્ર!
એવો જનેતા મહિમા અનંત!

૩૬

ચહે સમૃદ્ધિ જન કોઈ ભૌતિક,
કો ઝંખનાથી સુખ સ્વર્ગ ચાહે,
ને નિત્ય યત્નો કરતા રહે તે!
કિન્તુ જગન્નાથ ઉછંગ માંહે
સૂતો નિરાંતે સહુ ભાર સોંપી,
શ્રદ્ધા પતાકા ઉર માંહિ રોપી!

૩૭

છો હોય ઢોંગી, દીન, હીન, દુષ્ટ,
તેનો સમુદ્ધાર કરે સદાય!
એ ટેવ તારી બદલે ન કોદિ!
આસક્તિ તેવી મુજની અશક્ય

કેમે કરીના બદલાય માડી!
શક્યું અહો કોણ સ્વભાવ છોડી?

૩૮

પ્રદોષ કાળે હરની લીલાથી
ખડી થતી મસ્તકની જટામાં
ફેલાવતી હસ્ત સ્વરૂપ લ્હેરો
ને નાદ વીચિ ડમરુ સમો મા–
તારું અહો તાંડવ નૃત્ય લાગે!
એથી અમારે ઉર ભક્તિ જાગે!

૩૯

આરંભથી જીવનના જનેતા
સોંપ્યો બધો ભાર તને જ શ્રેયનો!
હવે મને જો તજશે તું માડી
રે'શે ભરોસો તુજમાં ન કોઈનો!
દયાળુ માડ જરી તો વિચારો
છે એક મારો બસ તું સહારો!

૪૦

સંયુક્ત અંગો શિવ ને શિવાના
તેની જટામાં રમતી તું છાની!
હિલ્લોળતી તું ભૂલથી ખસીને
આવી ચઢે સેંથી મહીં ઉમાની!
તને ગણી શોક્ય થતી ઉપેક્ષા,
દેતી છતાં તું નિત પ્રેમદીક્ષા!



૪૧

દયાળુ તારો નિરખી સ્વભાવ
આવે બધાંયે તુજ મા સહારે!
દુઃખોથી થાકી અથવા પ્રધાન
ઈચ્છાની પૂર્તિ કરવા પધારે!
મને પરંતુ અનુરાગ જાગ્યો
ઈચ્છા વિહોણો શરણે હું આવ્યો!

---

સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઇચ્છા થતી હોય તો તેમણે જ્ઞાનીના વચન સાંભળ્યા નથી અથવા જ્ઞાની પુરુષના દર્શન પણ તેણે કર્યા નથી એમ તીર્થંકર કહે છે.

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકુળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસાર તરવા બરાબર છે.

---

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# મૌનનું મહત્ત્વ (૨)

—મા સર્વેશ્વરી

પૂ.માનું આ પ્રવચન દરેક સાધકે વાંચવા જેવું છે! ને તેનો જીવનમાં અમલ કરવામાં આવે તો આપણે પણ ઘણા શક્તિ સંપન્ન બની શકીએ.

—તંત્રી

**પૂ.મા શ્રી સર્વેશ્વરીના પાવન પ્રવચનનું સંકલન**

માતાજી વારંવાર અમને એક વાત કરતાં કે મહાત્માજી તો પોતાની મસ્તીમાં મસ્ત હોય, મૌન રાખીને પદ્માસન વાળીને ધ્યાનમાં કલાકો સુધી બેસતા હોય તો આખો દિવસ અમે નીચે બેસીને કંઇક વાંચીએ, શાંતિથી બેસી રહીએ. તો કેટલી મોટી કસોટી હતી માતાજીની પણ! વાત કરનારું જ કોઈ ના મળે, હિંદી ભાષા આવડે નહીં, કોઈ ઓળખે નહીં અને એમના પુત્ર સાથે કુટિયામાં એકલા રહેવું અને એ મૌન સહજ રીતે પાળતાં. તો તે પણ એક તપ જ થઈ ગયું. મૌન એ વાણીનું તપ છે. સાચું સત્ય ભાષણ આપણે કરવું, મીઠું બોલવું, મધુર બોલવું, સાચું બોલવું અને મૌન રાખવું. આ બધા વાણીનાં તપ છે. આપણે ઉપવાસ કરીએ એ એક માત્ર તપ નથી, સોમવાર કરીએ, મંગળવાર કરીએ, શુક્રવાર કરીએ ને રવિવાર કરીએ, એક ટંક જમીએ, પણ તેની સાથે ભગવાનનું સ્મરણ જો જોડાય તો તે એક તપ કહેવાય. તેમ આપણને ભગવાને વાણી આપી છે તે વાણીને મૌન રાખતાં આપણે શીખી જઈએ તો તેમાંથી આપણને ઘણું બધું પ્રાપ્ત થશે.



ભાવનગરમાં એક સંત થઈ ગયા. લગભગ વીસ—પચ્ચીસ વર્ષથી બહાર ખુલ્લામાં જ બેસી રહ્યા, તેમને કોઈએ ઊભા થતાં જોયા નથી. ટાઢ હોય, તાપ હોય, વરસાદ હોય, બારેમાસ તેઓ ખુલ્લા મેદાનમાં બેસી રહેતા. કેટલી બધી સહનશક્તિ! અને વર્ષો સુધી એ રીતે બેઠા, અને આજે ત્યાં એક મોટું મંદિર થઈ ગયું છે, પણ એ જ્યારે હતા ત્યારે અમે પણ જ્યારે જ્યારે ભાવનગર જતાં ત્યારે ત્યાં ગાડી ઊભી રાખતાં અને બહારથી દર્શન કરી લેતાં. કોઈ સાથે વાતચીત નહીં, વાણીનો વહેવાર જ બંધ! એટલે આપણને ડૉક્ટરો પણ સૂચના આપે છે એટેક આવ્યો હોય ત્યારે, કે વાતો ના કરાવશો, ચિંતા થાય તેવા સમાચાર ના આપશો. બહુ ગંભીર હોય તો બોર્ડ મારીએ છીએ કે રૂમમાં કોઈને આવવા દેશો નહીં, દર્દીને આરામની જરૂર છે. તો ડૉક્ટરો પણ સૂચના આપે છે. ટોન્સીલનું ઓપરેશન હોય તો પણ કહે કે ગળાને આરામ આપવા માટે એક બે દિવસ ઓછું બોલજો અને ના બોલાય તો સૌથી સરસ. જલ્દી રૂઝ વળી જશે. તો મૌન એ કેટલું બધું કીંમતી છે!

કૃષ્ણાશ્રમ મહારાજ થઈ ગયા, હિમાલયમાં ગંગોત્રી નામનું તીર્થસ્થાન કે જ્યાં ગંગા નદીનો પ્રાદુર્ભાવ થાય છે એ ગંગાને કાંઠે. ગંગોત્રી તીર્થસ્થાનની યાત્રા કઠિન છે. હિમાલયના અંદરના પ્રદેશમાં જવાનું અને ત્યાં ગૌમુખ સુધી લોકો જઈ આવે છે કે જ્યાંથી ગંગામૈયાનું પ્રાકટ્ય થાય છે. એ ગંગોત્રી સ્થાનમાં કૃષ્ણાશ્રમ મહારાજ રહેતા. એ મૌન જ રાખતા અને પહાડ પર નગ્ન અવસ્થામાં રહેતા. ભયંકર ઠંડી ગંગોત્રીમાં. અમે ગંગોત્રી તીર્થની યાત્રા કરી ૧૯૮૩માં. અમે જ્યારે ત્યાં ગયેલાં ત્યારે

શિયાળો નહોતો પણ એ ગંગાના પાણીમાં આંગળી પણ ના બોળાય, એટલું બધું ઠંડુ પાણી અને સ્નાન કરવાની તો હિંમત જ કેવી રીતે ચાલે? તો એ કિનારા પર બારેમાસ એ ગંગોત્રી પવિત્ર તીર્થસ્થાનમાં કૃષ્ણાશ્રમ મહારાજ રહેતા હતા. પહાડ પર બેસી રહેતા. કુટિયા પણ નહીં. ખુલ્લા પહાડ પર બેસી રહેવાનું. જે કોઈ આવે, બેસે, પ્રણામ કરે, જવું હોય તો જાય, બેસવું હોય તો બેસે, પણ એ પોતાની મસ્તીમાં મસ્ત! એક પણ વાક્યની વાતચીત ના કરે! પૂ.શ્રી યોગેશ્વરજી મસૂરીમાં ચાર મહિના રહેતા. આજે મસૂરીમાં પૂ.યોગેશ્વરજીના નામની એક સ્કૂલ પણ ચાલે છે, મહાત્મા યોગેશ્વરજી સરસ્વતી શિશુ મંદિર. તો ચાર મહિના દર વર્ષે પ્રવચન આપવા મસૂરી જાય. ત્યાં ઘણા માણસો પ્રવચનમાં આવે અને પ્રવચનમાં આવનાર કેટલાક પરિચય પણ પામે. એટલે એક વેપારી પૂ.શ્રી પાસે આવીને કહેવા માંડ્યા કે મારે આ વખતે હિમાલયની યાત્રા કરવી છે. યોગેશ્વરજીએ કહ્યું એમાં શું, કરી આવો. સરસ વાત છે. યાત્રા તો કરવી જ જોઈએ. તો વેપારી કહે કે મારે યાત્રા તો કરવી છે પણ કોઈ સારા સમર્થ સંત હોય તો મને બતાવો. તો યોગેશ્વરજીએ કહ્યું કે સમર્થ સંત તો ઘણા છે, પણ આપણામાં પણ થોડી લાયકાત જોઈશે, પાત્રતા જોઈશે, જિજ્ઞાસા જોઈશે. આપણી પણ શોધ કરવાની પ્રવૃત્તિ હશે તો સાચા સંતો મળી જશે. તમે ગંગોત્રી જજો, ત્યાં કૃષ્ણાશ્રમ મહારાજનાં દર્શન કરજો. તે વેપારીએ કહ્યું જરૂર. તમે કહ્યું એટલે એ સમર્થ પુરુષ હશે જ. હું ચોક્કસ તેમનાં દર્શને જઈશ. તેઓ ગંગોત્રી પહોંચ્યા, પૂછ્યું કે કૃષ્ણાશ્રમ મહારાજ ક્યાં છે? તો જાણવા મળ્યું કે આ સામે પહાડ પર બેઠા



તે. એટલે તે વેપારી ત્યાં પહોંચ્યો. વેપારી સાથે એક બહેન પણ હતાં. તેઓ બેઠા એક–દોઢ કલાક. પેલા વેપારીને લાગ્યું કે આ સ્વામીજીમાં કોઈ શક્તિ હોય તેવું લાગતું નથી, કંઇ આવડતું નહીં હોય એટલે જ કંઇ બોલતા નહીં હોય ને! એટલે હવે અહીંયા બેસવાનો કંઇ અર્થ નથી, છતાં લાવ એની પરીક્ષા કરું.

એટલે પેલા વેપારીએ કહ્યું કે આ મારા પત્ની છે અને અમે બેઉ યાત્રા કરવા નીકળ્યાં છીએ, અમને આશીર્વાદ આપો કે અમારું લગ્નજીવન સુખી થાય. કૃષ્ણાશ્રમ મહારાજ તો સાંભળ્યા કરતા હતા. ત્યાં તેઓ ધૂણી ચાલુ રાખતા હતા, તે ધૂણીમાંથી એક લાકડાનો ટૂકડો લીધો અને તેની રાખ ઉપર જવાબ આપ્યો લખીને. ''જૂઠું બોલો છો, આ તમારાં પત્ની નથી. શા માટે કોઈ પારકી સ્ત્રીને લાવીને હેરાન કરો છો? એટલે તે વેપારીને તરત જ સમજાઇ ગયું અને થયું કે આ કોઇ સમર્થ પુરુષ લાગે છે. પછી બીજા પણ એવા એક–બે પ્રશ્ન પૂછ્યા જેનાં જવાબો કૃષ્ણાશ્રમ મહારાજે લખીને આપ્યા. ત્યારે સમજાયું કે આ સમર્થ સંત તો મૌન રાખે છે પણ શક્તિથી સંપન્ન છે.

એટલે આપણે કેટલીક વાર કસોટી કરવા જઇએ છીએ પણ આપણે જ મપાઇ જઇએ છીએ. એટલે વેપારી નમસ્કાર કરીને મસૂરી આવી ગયા. પૂ.યોગેશ્વરજીએ પૂછ્યું જઇ આવ્યાં? દર્શન કરી આવ્યા? તો કહ્યું કે હા. બહુ સમર્થ સંત પુરુષ લાગે છે. તો પૂ.યોગેશ્વરજીએ પૂછ્યું કે તમને કેવી રીતે ખબર પડી કે તેઓ સમર્થ સંત પુરુષ છે? એટલે તે વેપારીએ વાત કરી કે મે બે–ત્રણ પ્રશ્નો પૂછ્યા અને એના જવાબ પરથી લાગ્યું કે આ કોઇ સમર્થ સંત પુરુષ છે. ભલે એ બોલતા નથી, પણ કેટલી બધી શક્તિ છે એમનામાં!''

આપણે સુરત ગાડી લઈને જઈએ છીએ તો વચ્ચે થોડી–થોડી વાર આપણે ઊભા રહેવું પડે છે. કેમ? પેલી લાલ લાઈટ દેખાય એટલે સ્ટોપ! અને લીલી લાઈટ થાય એટલે ગો! જવાનું! આ લાઈટ બોલે છે કંઈ કે ઊભા રહો, અથડાઈ જશો, અટવાઈ જશો, અકસ્માત થઈ જશે, લાગી જશે, હોસ્પિટલમાં લઈ જવા પડશે, ઊભા રહો! તમને કહ્યું ને કે ઊભા રહો. આવું કશું જ લાઈટ બોલતી નથી. તો લાઈટ બોલતી નથી, છતાં કેટલું બધું કામ કરે છે! તેમ સંત પુરુષો બોલે નહીં પણ ઘણું બધું કામ કરે અને ઘણી બધી શક્તિ એ રીતે પોતાના જીવનમાં ભેગી કરે અને ભગવાન સાથેનો એમનો દોર હોય તેને મજબૂત કરે. એટલે જેની સાથે દોર બાંધે એની બધી જ શક્તિ સંત પુરુષોમાં પણ આવે. એટલે બોલવાથી જ આપણે સારા છીએ, હોશિયાર છીએ, વિદ્વાન છીએ, જ્ઞાની છીએ એવું ઓળખાય છે એવું નથી. દિવસો સુધી મૌન રાખીને સંતો પોતાની શક્તિને કેન્દ્રીત કરીને ઈશ્વર સાથેનું અનુસંધાન સાધતા હોય છે. તો તમે સહુ પણ મૌન રાખીને ઈશ્વરનું સ્મરણ કરોને. ઘરેથી નીકળો ત્યારે રસ્તે આવતાં પણ ભગવાનને યાદ કરો. ‘‘હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા! અમે અમારું ઘર છોડીને ચાલીને એક સારી વાત સાંભળવા અહીંયા આવી શકીએ છીએ! કેટલા બધા લોકો એવા છે કે જેઓ ચાલીને આવી શકતા નથી! પગની તકલીફ છે, માંદા છે, દૂર દૂર વસે છે. ઘણી ઈચ્છા છે. આવવું છે, પણ આવી શકાતું નથી. હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા કે તે ઘરમાં અનુકૂળતાં કરી આપી છે એટલે અમે અહીં આવી શકીએ છીએ! હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા, અમારા કાનને પણ



સાંભળવાની શક્તિ આપી છે તો અમે સાંભળી શકીએ છીએ! હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા, અમારી આંખને પણ હજુ તે સારી રાખી છે જેથી અમે અમારી રીતે ચાલીને જઈ શકીએ છીએ! જે સારું જોવાનું છે તે જોઈ શકીએ છીએ. હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા! કે કેટલાંય માણસોને જન્મથી વાણીની ભેટ નથી મળી. જીવનભર મૂંગા બનીને પસાર થવું પડે છે. હે પ્રભુ, તારી કેટલી બધી કૃપા! કે અમારા શરીરમાં તે બોલવાની પણ શક્તિ આપી છે. તો જે બોલવાની શક્તિ અમને મળી છે તે શક્તિને હું મારી રીતે ભગવાનનું નામ લેવામાં જ વાપરીશ, બીજી બધી નકામી વાતો ના કરું. આ રીતે ભગવાન સાથે વાતો કરતા શીખો. પણ આપણે વાતો કરીએ છીએ આજુબાજુના માણસો સાથે, પાડોશીઓ સાથે, બાળકો સાથે, નોકરો–ચાકરો સાથે. તો ભગવાન સાથે પણ વાતો કરતાં શીખીએ. ભગવાન સાથે મૌન રાખીને વાતો કરતાં શીખીશું તો આપણને પણ એવી શક્તિ પ્રાપ્ત થશે. આપણે પણ અવનવી શક્તિથી સંપન્ન થઈ જઈશું.’’

કૃષ્ણાશ્રમ મહારાજમાં આવી શક્તિ આવે એવું નથી, પણ આપણામાં પણ એવી શક્તિ આવી શકે. આપણને પણ જે જે શક્તિઓ મળી છે, તેને સારા માર્ગે વાળીશું તો આપણી શક્તિ પણ દીપી ઉઠશે. આપણે પણ શક્તિથી સંપન્ન બની જઈશું. એટલે મૌન રાખતાં શીખીએ. મૌન રાખવાથી ઘણું બધું પ્રાપ્ત થાય છે.

સારી વાતો સાંભળવાની, સારી વાતો બોલવાની, સારા દ્રષ્યો જોવાની, સારું જ વિચારવાની, સારાં કામ કરવાની, સારું

જીવન બનાવવાની, સર્વોતમ સારા માણસ બનવાની, આપણા મનને ટેવ પાડો. આપણા જીવનને ઘડવાનું છે, એ રીતે સરસ–સર્વોતમ–શ્રેષ્ઠ આદર્શ માનવ બનીને સમાજની પણ સેવા કરવાની છે. સારા જ બનીશું, સર્વોત્તમ બનીશું, સુગંધવાળું આપણું જીવન બની જશે તો આપણે પણ સુખી અને સમાજ પણ સુખી. એટલે આપણે બધા નાના હતા ત્યારથી ગાઈએ છીએ સ્કૂલોમાં પણ,

**મારું જીવન અંજલિ થાજો,**
**ભૂખ્યા કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,**
**દીન દુખીયાનાં આંસુ લૂછતાં, અંતર કદી ના ધરાજો,**
**મારું જીવન અંજલિ થાજો...**

આપણું જીવન સરસ બની જાય તો આપણને પણ શાંતિ, બીજાને પણ શાંતિ, આપણને પણ સુખ, બીજાને પણ સુખ. આપણું જીવન જ પ્રેરણાની પરબ જેવું બની જાય. એટલે આપણે આપણા જીવનને એવું સર્વોત્તમ બનાવીએ, સુગંધિત બનાવીએ, શ્રેષ્ઠ બનાવીએ, દીવા જેવું પ્રકાશિત બનાવીએ, ફુલ જેવું સુગંધિત બનાવીએ. વહેતી નદી કેટલા બધાને ઉપયોગી થાય છે! એવું પરોપકારી જીવન બનાવીએ અને એ બનાવવા માટે આપણામાં જે જે સદ્‌ગુણો ભગવાને આપ્યા છે, તેનો વિકાસ કરીએ. તો આપણે પણ સમાજમાં પ્રતિષ્ઠિત માનવોની હરોળમાં બેસી શકીએ. આપણે પણ સંત બની શકીએ. આપણે પણ જે ધારીએ તે કરી શકીએ એવી શક્તિ આપણામાં પણ છે. એ શક્તિને આપણે જગાડીએ અને આપણામાં રહેલા દરેક ગુણો–સદ્‌ગુણોનો વિકાસ કરવા માટેના પ્રયત્નો કરીએ.



# AMAZING EXPERIENCES

**–Hitesh Lad**

**6th Amazing Experience : Trip to Garden of the Gods**

After leaving pike’s peak, we headed straight for the Garden of the Gods. This was a park with natural rock formations. The rocks where massive in size and uniquely shaped. It started to rain heavily so walking in the park was out of the question. However, when we stopped at the visitor centre, the attendant said that we could still enjoy the park by driving through it. Then she suddenly said, “You know what? You are very lucky today! Our visitor centre is closing in 30 min, however, we are showing a movie on how the rocks are formed in this park. I recommend you see it. The last moive for the day starts in 10 min! You are so lucky, you just made it in time!”

We loved the idea and were able to quickly purchase the tickets and make it to the show! How is it possible that we arrived at the visitor centre just at the right time? If we had come 15–20 min later then what? This is the magic of Maa’s Krupa. We only have to be in her care

and she takes care of everything! Dhanyavad Maa, Dhanyavad! Thank you for silently removing our obstacles and ensuring the welfare of your devotees!!

**7th Amazing Experience : Parking the car on a Driveway Incident**

Sunday May 29, 2016. I have known Maa since 1988. In these last 28 years, I have noticed that many devotees ask Maa for blessings on their birthday. How lucky are these devotees that they can have darshan of Maa on their birthday! And they get Maa's blessing as well! In these last 28 years, I never had the privileage of having Maa's Darshan on my birthday. 90% of the time, in these last 28 years, Maa is usually never in Canada in May. Usually she would come in the summer and stay until Navratri. In the last few years, Maa has been coming to Canada in April. However, for some reason or another Maa was either not available during my birthday or there was some reason or another that I could not get Maa's darshan.

This year, I booked 1 week for Van Vishram in Colorado, from May 21 to May 28. The reason I did not book a longer stay was that Maa had asked all the Fulwadi parents and



Fulwadi Children to come to Swargarohan in December. So I was saving my holidays so that my wife Mita and I could take our kids, Darshan (10) and prasad (8) in December to Swargarohan, India.

During my stay in Van Vishram in Colorado, in the middle of the week, I suddenly remebered it was my birthday on May 29! But alas, I was leaving on May 28! I was devastated! After 28 years of not being able to have Maa's Darshan on my birthday, I was to miss it again, but by only one day! Oh well I thought. That is my luck. What to do? I prayed to Maa that I would get her blessings. On May 27, I Suddenly got a message from Maa. She asked me if I could stay one week longer. It would make Maa very happy. I was shocked at this message. On the one hand I was very happy. On the other hand, I would have to somehow get approval to extend my vacation from work. I would have to re–arrange my work schedule too. Also, it would mean I would lose 1 week's vacation for my trip to India. Anyhow, I felt an inner desire to fulfill Maa's wish so I worked hard to get approval and finally I was able to stay 1 week longer.

The day of my birthday arrived on Sunday May 29, 2016. That day, Maa had not given any darshan during the day. Honestly, I did not know what to expect! But I was just happy that after all these 28 years, my desire was fulfilled. I would be spending the day in the presence of Maa! what more could one want? Maa suddenly gave darshan in the afternoon! She sat for one hour as we heard many of her Pads (divine bhajans). Then Maa ended the satsang. I bowed down and silently prayed, “Maa, may you bless me on my birthday?” Maa left for her room. We had dinner and then went downstairs for the evening satsang and for watching spiritual videos.

After the satsang ended, I set up the projector to watch a spiritual video. We turned the lights off and I started the video. Suddenly Nirumami, Shipraben and Daxaben came into the room. Shipraben turned on the lights and said to stop the movie. Suddenly everyone started the birthday prayer that Maa wrote many years ago. Maa sent a shawl for me and asked my brother, Umeshbhai to cover me. Maa had written a letter to me an after the song,



Umeshbhai read the letter out loud. Then Arpitaben was kind enough to translate the letter into English. Tears of joy fell on my cheeks!

How great is Maa’s Krupa! How great is Maa’s love for her devotees! How great is her ability to make people happy! Today, Maa fulfilled my wish of 28 years! May 29$^{th}$ was my birthday, and this was the 29$^{th}$ year I have known Maa! Today, I felt like Shabri when Ram blessed her with his darshan! I will forever remember this blessed day. Thank you Maa, Thank you! Dhanyavad Maa! Dhanyavad! Pranam, Pranam, Pranam!

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# જીવ પાછો ફરીને કેમ આવે છે! (૨)

—રામસુખદાસજી

આ આખો સંસાર પરમાત્માનો છે અને માની લીધો પોતાનો—આ બેઈમાની છે, ઈમાનદારી નથી. ભાઈઓ, બહેનો, માતાઓ! તમે માનો તો ખરા. તમે તમારી કહેવાતી બધી ચીજોને ભગવાનની માનીને ચાલો તો તે બધી ચીજો ભગવાનનો પ્રસાદ બની જશે. પછી મસ્ત બની જાઓ કે અમને ઠાકોરજીનો પ્રસાદ મળે છે. અમારા જેવું ભાગ્યશાળી બીજું કોણ છે? ચીજ ચાલી ગઈ તો ઠાકોરજીની ચીજ જતી રહી. આપણી માનીશું જ નહીં. હા, રક્ષણ સારી પેઠે કરીશું. હવે બોલો મરવામાં પણ મોજ રહેશે કે નહીં. કબીરદાસજી કહે છે—

**સબ જગ ડરપે મરણ સે, મેરે મરણ આનન્દ ।**
**કબ મરિયે કબ ભેંટિયે, પૂરણ પરમાન્દ ॥**

'મારા મરવામાં આનંદ છે, કેમ કે મારા પ્યારા પ્રભુને મળીશું.' આપણે ઘરે જઈશું. ભગવાન આપણું ઘર છે. દેશ છે. કુટુંબ છે. તેઓ આપણા છે. આપણે તેમના જ અંશ છીએ. તેમની જાતિના છીએ. તેમના સંબંધી છીએ. તમે અને અમે બધા—ભગવાનના છીએ. આ દેશ, આપણો દેશ નથી—

**ઈણ આંગણિ—યે હે સખિ, હય ખેલણ આયે ।**
**કઈ ખેલ્યા કઈ ખેલ સી, કઈ ખેલ સિધાયે ॥**

આ તો ખેલવાનો એક રંગમંચ છે, સ્ટેજ છે. એ પર ખેલવું છે, બસ. ખેલની ચીજોને 'આપણી' માની લઈએ છીએ, આ ભૂલ છે.



આજે લોકો કહે છે કે અશાંતિ છે, દુઃખ છે, સંતાપ છે—શું કરીએ? ભાઈ! તમે ભગવાનની ચીજને તમારી માનીને જે બેઈમાની કરી છે, તેનું દુઃખ તો ભોગવવું પડશે જ. આ ચીજોને પોતાની માની છે, તેથી અશાંતિ છે. જ્યાં 'પોતાનાપણું' છોડ્યું ત્યાં જ શાંતિ—

**'નિર્મમો નિરહંકારઃ સ શાન્તિમધિગચ્છતિ ॥'**

(ગીતા ૨ । ૭૧)

બહેનો, માતાઓ! તમે ઘરમાં રહીને કહો કે આજથી કામ હું કરીશ. આરામ બધાને આપો. તમારા સાસુ, નણંદ, દેરાણી, જેઠાણી જે કોઈ પણ ઘરના સભ્યો હોય—તેમનું કામ તમે કરો. સાસુએ વહુને કહેવું—'બેટા! થોભ, કામ હું કરીશ.' વહુ કહે—'રામ—રામ!! એવું કેવી રીતે બને? અમારા રહેતાં તમે ઘરડાં વડીલ કામ કરશો?' તો સાસુ કહે—'બેટા! હું જીવું ત્યાં સુધી તો મારે કરવું જ જોઈએ.' વહુ કહે—'માજી! તમે કામ કરો અને હું બેસી રહું? એ કેવી રીતે બની શકે? તમે ચાલ્યાં જશો, ત્યારે અમે કોને કામ કરી બતાવીશું? તેથી કામ તો અમે જ કરીશું.' આ રીતે કામ કરવા માટે લડાઈ જામી જાય ઘરોમાં. દેરાણી કહે કે હુ કરીશ, જેઠાણી કહે કે હું કરીશ. સુખ, આરામ, વખાણ તેમને માટે અને ઘરનું કામ, પરિશ્રમ પોતાને માટે. તો પછી સંસારમાં આવવાનું નહીં થાય. પોતાનું કંઈ માન્યું નહીં અને સૌની સેવા કરી દીધી. હવે અહીંયાં શા માટે આવીશું?

ઘરમાં કામ કરો. સેવા કરો. સુખ પહોંચાડો. અભિમાન ન કરો, મમતા ન કરો. મમતા તમારી ચાલશે નહીં. આજથી સો

વર્ષ પહેલાં આ કુટુંબીઓ અને આ ઘરો પર આપણી મમતા હતી ખરી? સો વર્ષ પછી રહેશે ખરી? નહીં રહે. અત્યારે પણ સતત નાબૂદ થઇ રહી છે. જેટલા દિવસ વીતી ગયા, એટલી બધી ચીજો અલગ થઇ ગઇ. ઉંમર પૂરી થઇ જશે તો ‘રામ—નામ—સત્ય’ બોલાઇ જશે. તો ચીજો તમારી કેવી રીતે થઇ? પહેલાં તમારી ન હતી, પછી તમારી નહીં રહેશે, તો પછી વચ્ચે તમારી કેવી રીતે થઇ? દરેક પળે તમારાથી વિખૂટી પડી રહી છે. આ ચીજો દ્વારા બધાની સેવા કરો. આદર કરો. સૌને માન આપો. ઘરમાં રહેવા છતાં ન્યાલ થઇ જાઓ.

જે સંસારમાં પોતાનાપણું (વાસના) રાખશે. તો તે પાછો ફરીને આવશે નહીં તો ક્યાં જશે?

**વાસના યસ્ય યત્ર સ્યાત્ સ તં સ્વપ્નેષુ પશ્યતિ।**
**સ્વપ્નવન્મરણે જ્ઞેયં વાસના તુ વપુર્નૃણામ્॥**

જેની જ્યાં વાસના છે, સ્વપ્નમાં પણ તેને તે જ યાદ આવે છે. સ્વપ્નની પેઠે મર્યા પછી પણ તે જ યાદ આવે છે; કેમ કે વાસના જ તેનું શરીર છે. કોઇનામાં વાસના જ નહીં રહે તો આ (જીવ) પાછો ફરીને સંસારમાં શા માટે આવશે? જો વાસના રહી ગઇ—થોડી ધનમાં, થોડી ઘરમાં, થોડી દીકરાઓમાં તો અહીંયાં પાછા આવવું જ પડશે. જો આપણો સંબંધ અહીંયાં કોઇ સાથે નથી, માત્ર ભગવાન સાથે જ છે. જીવતા રહીએ તો ભગવાનની સાથે અને મરી જઇએ તો ભગવાનની સાથે. તો ભગવાનની પાસે જ જઇશું. પછી અહીંયાં આવવું નહીં પડે.

એક રાજકુમાર હતો. સ્કૂલમાં ભણવા જતો હતો. ત્યાં



પ્રજાના બાળકો પણ ભણવા આવતાં. તેમાંના પાંચ—સાત બાળકો રાજકુમારના મિત્ર બની ગયા. તે મિત્રોએ કહ્યું આપ રાજકુમાર છો, રાજગાદીના વારસ છો. આજે આપ પ્રેમ અને સ્નેહ કરો છો, પણ રાજગાદી મળ્યા પછી જો આવો જ પ્રેમ નિભાવશો, ત્યારે અમે માનીશું કે દોસ્તી છે, નહીં તો શું છે? રાજકુમારે કહ્યું ભલે. સમય વીતતો ગયો, બધા મોટા થઇ ગયા. રાજકુમારને રાજગાદી મળી ગઇ. એક—બે વર્ષે રાજ્ય સારી પેઠે જામી ગયું. રાજકુમારે પોતાના દોસ્તમાંથી એક જણને તેડાવ્યો અને કહ્યું કે તને યાદ છે કે તેં કહ્યું હતું—‘રાજા બન્યા પછી મિત્રતા નિભાવો, તો માનીશું.’ હવે તને ત્રણ દિવસને માટે રાજ આપું છું. તું રાજગાદી પર બેસી જા અને રાજ કર. તે બોલ્યો—‘અન્નદાતા! એ તો બાળપણાની વાત હતી. મારે રાજ્ય નથી જોઇતું.’ ખૂબ આગ્રહ કર્યો ત્યારે તે મિત્રએ ત્રણ દિવસ માટે રાજ્ય કબૂલી લીધું.

તે મિત્ર રાજગાદી પર બેઠો અને તે દિવસે ખાણીપીણીમાં મગ્ન બની ગયો. બીજે દિવસે ફરવા કરવામાં ડૂબેલો રહ્યો. રાત પડી ત્યારે કહ્યું ‘હું તો રાજમહેલમાં જઇશ.’ બધા મુશ્કેલીમાં ફસાઇ ગયા. રાણી ભારે પતિવ્રતા હતી. તે મિત્રએ તો હઠ પકડી કે બધું મારું છે, હું રાજા છું, તેથી રાણી પણ મારી જ છે. રાણીએ તેમના કુલગુરુ બ્રાહ્મણ દેવતાને પૂછાવ્યું કે હું શું કરું? ગુરુજી મહારાજે કહ્યું—બેટી! તું ચિંતા ન કર, હું બધું સંભાળી લઇશ. ગુરુજીએ તો ત્રણ દિવસ રાજા બનેલા મિત્રને પૂછ્યું કે આપ મહેલમાં જવા માંગતા હો તો રાજાની પેઠે જવું જોઇએ.

તેથી તમને સારી રીતે સજાવવા પડશે. તેમણે સેવકોને બોલાવ્યા અને હુકમ કર્યો—મહારાજની મહેલમાં જવાની તૈયારી કરો. શણગાર કરો. હજામને બોલાવ્યો અને કહ્યું કે મહારાજની હજામત કરો સારી પેઠે. કલાક થઇ ગયા, ત્યારે તે રાજા બોલ્યા—આટલું બધું મોડું કેમ કરે છે? તો હજામે કહ્યું કે 'મહારાજ! રાજાઓનો મામલો છે, સામાન્ય માણસની જેમ હજામત કેમ કરાય?' હજામતમાં લાંબુ ખેંચ્યું એટલે કે બહુ વાર લગાડી, એ પછી પોશાક પહેરાવનાર માણસ આવ્યો. તેણે પોશાક પહેરાવવામાં બહુ વાર લગાડી. એ પછી અત્તર—તેલ—સુગંધ લગાવનાર માણસ આવ્યો. તેણે મોડું કર્યું. આમ શણગાર સજાવવામાં જ રાત વીતી ગઇ. હવે સવાર પડી ગઇ. છેલ્લો દિવસ હતો. વખત પૂરો થઇ ગયો અને રાજગાદી ફરીથી રાજાસાહેબને મળી ગઇ. રાજાસાહેબે હવે તેના બીજા મિત્રને બોલાવ્યો અને આગ્રહપૂર્વક ત્રણ દિવસને માટે રાજ્ય આપી દીધું અને કહ્યું કે હું, મારી સ્ત્રી, મારું ઘર—એ સઘળાં તો મારાં છે, હું પણ તમારી પ્રજા છું. બાકી આખું રાજ્ય તમારું છે. તે મિત્ર ત્રણ દિવસને માટે રાજા બની ગયો.

રાજ્ય મળતાં જ તે મિત્રએ પૂછ્યું કે મારો કેટલો અધિકાર છે? મંત્રીએ જવાબ આપ્યો—'મહારાજ! આખી ફોજ, પલટન, ખજાનો અને આટલી ધરતી પર તમારું રાજ છે.' તેણે દસ—વીસ લાયક અધિકારીઓને બોલાવીને કહ્યું કે આપણાં રાજ્યમાં ક્યાં—ક્યાં, કઇ—કઇ ચીજોની કમી છે, કોને શું શું તકલીફ છે? એની ભાળ કાઢીને મને જણાવો. તેમણે આવીને ખબર કહી—



ફલાણા—ફલાણા ગામોમાં પાણીની તકલીફ છે, કૂવો નથી, ધર્મશાળા નથી, પાઠશાળા નથી. તે રાજાએ હુકમ કર્યો કે બધાં ગામોમાં જ્યાં જે કમી છે, તેની ત્રણ દિવસમાં ખોટ પૂરાઇ જવી જોઇએ. ખજાનચીને કહ્યું કે મકાન, પાઠશાળા, ધર્મશાળા, કૂવા વગેરે બાંધવામાં જે પણ ખર્ચ થાય તે તરત આપવો. રાજાનો હુકમ થતાં દરેક લોકો રાજાજ્ઞા પાળવામાં લાગી ગયા. ત્રણ દિવસ વીતતાં—વીતતાં વિવિધ સ્થળોએથી સમાચાર આવવા લાગ્યા કે આટ—આટલું કામ થઇ ગયું છે અને આટલું બાકી રહ્યું છે. ઝટ પૂરો કરવાનો આદેશ આપીને તે મિત્રે રાજાને રાજ્ય પાછું આપી દીધું. રાજા ઘણા ખુશ થયા અને કહ્યું કે હું તને જવા નહીં દઉં. મારો મંત્રી બનાવીશ. મને રાજ્ય મળ્યું પણ મેં પ્રજાનું એટલું ધ્યાન નથી રાખ્યું, જેટલું તેં ત્રણ દિવસમાં રાખ્યું. હવે રાજા તો નામ—માત્રના જ રહ્યા અને તે મિત્ર હંમેશને માટે, તેમનો વિશ્વાસપાત્ર મંત્રી બની ગયો.

આ રીતે આપણે બાળપણ, યુવાની અને ઘડપણ એવા ત્રણ દિવસો માટે ભગવાન તરફથી રાજ્ય મળ્યું છે. હવે જે રૂપિયા સંઘરવામાં અને ભોગ ભોગવવામાં લાગેલા છે, તેમની તો હજામત થઇ રહી છે અને જે બીજા મિત્રની પેઠે સેવા કરી રહ્યા છે તેમને ભગવાન કહે છે—

**'મેં તો હૂં ભગતન કો દાસ, ભગત મેરે મુકુટમણિ ॥'**

તો ભાઈ આપણી પાસે જે પણ ધન, સંપત્તિ, વૈભવ વગેરે છે, તે દ્વારા બધાની વ્યવસ્થા કરો, સૌની સેવા કરો—આ રાજ્ય ત્રણ દિવસને માટે મળ્યું છે. હવે નિર્ણય તમારે કરવાનો છે કે

હજામતમાં સમય ગુમાવવો છે કે ભગવાનના વિશ્વાસપાત્ર બનવાનું છે, લક્ષ્મીજી આપણી માતા છે. ભગવાન આપણા પિતા છે. નિભાવ માટે લક્ષ્મી મા પાસે લઈ લો; પણ લક્ષ્મીજીને ભોગવવા માગો, સ્ત્રી બનાવવા માંગો—તો એ પાપ છે. એ આપણી પૂજનીય માતા છે. સેવાનો ભાવ હશે તો મા પણ ખુશ થશે અને પિતા પણ રાજી થશે. પછી આપણે સંસારમાં પાછા ફરવાની જરૂર નહીં રહે. પિતાજીના ધામમાં જ આપણો સદા નિવાસ રહેશે. આપણે ત્યાંના રહેવાસી છીએ, અહીંયાં શું કામ આવીશું? આપણો આ લોક છે જ નહીં; આ તો જીવ—લોક છે. આપણો લોક તો પ્રભુનું ધામ છે. આપણે તો તે જ લોકના છીએ. કબીર સાહેબ કહે છે—

**મૈં તો પૂરબિયો પૂરબ દેશ રો, મ્હારી બોલી લખૈ ન કોય ।**
**મ્હારી બોલી જો લખૈ, ઘર પૂરબલો હોય ॥**

હું તો પૂર્વના પ્રદેશનો, મારી ભાષા અહીંયાં કોઈ સમજતું નથી. અહીંયાં બધા લોકો પશ્ચિમ દેશના છે. મારી બોલી તો ઠેઠ પૂરબ દેશના રહેનારા હોય તે જ સમજી શકે.

હું ભગવાનનો છું. માત્ર ભગવાન જ મારા છે. બધી ચીજો ભગવાનની છે. મારું કંઈ નથી. એ વાતો જે સારી પેઠે સમજી લે છે, તેણે મર્યા પછી અહીંયાં પાછા ફરીને આવવું નથી પડતું; પણ જે સંસારમાં મમતા રાખે છે અને મરી જાય છે, તો તેણે પરત આવવું જ પડે છે.



# પૂ. માની યુવા શિબિરના પ્રતિભાવો

સંકલન : **અર્પિતા જોષી**

પૂજ્ય મા વિશ્વમોહિની, જ્યાં પ્રત્યક્ષ સમક્ષ હોય ત્યાં ન ગમવા જેવું શું હોય? બીજી અનેક વસ્તુઓ યુવાનોના મનમાં વસી ગઈ. દરેકને જુદી જુદી વસ્તુ સ્પર્શી. દરેક જણ ભિન્ન ભિન્ન વસ્તુઓ પામ્યા.

બેન સોનલ કહે : ''એ વાત ખૂબ ગમી કે અમને વાંચનનો, સાધનનો અને કોલોરાડોને માણવાનો બધા માટે સમય મળ્યો. જ્યારે મંત્રજપ સાથે હાઈકીંગ કર્યું ત્યારે મને જીવનના રોજના કામો સાથે ભક્તિ કરવાનું શીખવા મળ્યું.

રક્ષિતાબેન કહે : ''પૂજ્ય માએ ઘરને એક મંદિર અથવા તીર્થમાં પરિવર્તિત કર્યું હતું. જ્યાં ને ત્યાં ગોઠવેલાં સ્વરૂપો, સુવાક્યો અને ચારે તરફના કુદરતી સૌન્દર્યથી મનને છટકવાનો અવકાશ જ ન હતો.'' પૂજ્ય માએ પૂજ્ય મા—પ્રભુના વિશાળ ઊભા સ્વરૂપ મુખ્ય હોલના પ્રાર્થના ખંડમાં પધરાવેલાં. પૂજ્ય માએ પ્રભુના પદ્માસનમાં બિરાજમાન સ્વરૂપને નીચેના સત્સંગ હોલમાં પધરાવેલાં. જ્યા જુઓ ત્યાં ઘરમાં પૂજ્ય માના હાસ્ય રેલાવતા, મૌન કરાવતા, વિભિન્ન સ્વરૂપો પણ હતાં જ.

ભાઈ સમીત કહે છે. ''પૂજ્ય માના પુસ્તકાલયમાં પુસ્તકોનું વૈવિધ્ય હતું. પૂજ્ય મા, પૂજ્ય પ્રભુ, અનેક સંતો, મહાપુરુષો, વિશ્વ વિચારકોના અધ્યાત્મ, યોગ, આહાર જેવા વિવિધ વિષયો પર પુસ્તકો હતાં. તેમાંથી અસંખ્ય જીવનોપયોગી દૃષ્ટિકોણ, પાઠ અને પ્રભુપંથના પથપ્રદર્શન મળ્યા.'' આગળ વધતા ભાઈ

સમીત કહે છે પૂજ્ય માનો જીવન સંદેશ જીવનમાં ઉતારવાના પ્રયાસો હું કરીશ, ''બ્રેક એન્ડ બ્રીજ.'' જે શહેરમાં શિબિર હતી તે શહેરનું નામ હતું 'બ્રેકેનરીજ.' પણ પૂજ્ય માએ આવતાં જ એનું નામ—કરણ કર્યું હતું : 'બ્રેક એન્ડ બ્રીજ'—સંસાર સાથે સેતુ તોડો અને પ્રભુ સાથે સેતુ બાંધો. આવો વેદોનો, પુરાણોનો સાર પૂજ્ય મા—પ્રભુએ બે શબ્દોમાં આવતાવેંત જ ધરી દીધો. જાણે મોક્ષમંત્ર ધરી દીધો.

ભાઈ ધ્રુવને એ વાત સ્પર્શી ગઈ કે આ પહાડોમાં રહી સાધના કરવા મળી તો એમને લાગ્યું જાણે દશરથાચલ અથવા હિમાલય આવી પહોંચ્યા. તેમને પૂજ્ય મા સાથે ચાલવા જવાનું ને સત્સંગ કરવાનું ખૂબ ગમ્યું.

તો પિનાકિનભાઈને પણ એવો જ અનુભવ થયો. પૂજ્ય માનું સાંનિધ્ય, શાંત, પવિત્ર અને સુખમય વાતાવરણ અને પ્રકૃતિ મળીને જાણે હિમાલયમાં સાધના કરતા હોય તેવો અનુભવ થયો.

બેન ભાવિષા કહે કે : ''સૌથી સારી વાત એ હતી કે પ્રવચનો અને ચર્ચાઓ અંગ્રેજીમાં થતી ને અનુવાદ થતા. સમુહમાં ચર્ચા કરવાથી અમે વધારે પામી કે ગ્રહણ કરી શક્યાં. આવી સાત્ત્વિક ચર્ચા કે અધ્યાત્મ વિશે વાત કરવાનો કે સાંભળવાનો જીવનમાં બીજે ક્યાય અવસર નથી આવતો એટલે આ અમારા આત્મકલ્યાણ માટે ઘણું જ ઉપયોગી નીવડ્યું.'' બીજા ઘણા યુવાનોનો સમૂહ ચર્ચા વિશે આ જ અભિપ્રાય હતો કે અમે એકલા કોઈ પુસ્તક વાંચીએ તેનાથી વધારે આ રીતથી અમને લાભ થયો છે.



ભાઈ ઉજ્જવલને લાગ્યું કે : ''આખા દિવસનું સમયપત્રક ખૂબ સુંદરતાથી સૌને એકલક્ષી રાખવામાં કુશળ રહ્યું, જેથી આપણે અહીં શા માટે આવ્યા છીએ તે કોઈ ભૂલે નહી.'' ઉજ્જવલભાઈને એવું લાગે છે કે જે કંઈપણ પૂજ્ય મા સ્લેટ પર લખે તે તેમને તરત સ્પર્શી જાય અને સીધું હૃદયમાં ઉતરી જાય છે. તેમને માટે પૂજ્ય માએ સ્લેટ દ્વારા કહેલા પૂજ્ય માના પ્રાર્થનાના પ્રયોગો ખૂબ યાદગાર બની રહેશે.

ભાવનાબેન કહે છે કે : ''ચર્ચા વિચારણાનો મંચ સૌના માટે હોવાથી સૌને લાગ્યું કે શિબિર આપણી છે. સૌને ભાગ લેવાનું પ્રોત્સાહન મળ્યું તે વાત ઉલ્લેખનીય છે. પૂજ્ય માની કરુણા પામવા આપણે પાત્રતા વધારવાની છે. પૂજ્ય માની કરુણા તો અવિરત વહ્યા કરે છે. આપણે ખાલી થઈ થઈને તે કૃપા ઝીલવા ગ્રહણશીલ થવાનું છે. આવી શિબિર વારંવાર યોજવાથી યુવાનોને ઠલવાઈ ને ઝીલવાની તૈયારી કરવાનો અવસર મળતો રહેશે.''

વિકાસભાઈ કહે : ''ઘરે પ્રાર્થના અંધશ્રદ્ધાની જેમ કરી લઈએ છીએ. પણ અહીં આવ્યા તો પૂજ્ય મા પાસે પ્રાર્થના 'કેમ' અને 'કેવી રીતે' કરવી એ જાણવામાં ખૂબ આનંદ આવ્યો. ધ્યાન કેવી રીતે કરવું તે વિશેની માએ આપેલી સમજ મુલ્યવાન લાગી.''

સત્યેનભાઈ કહે : ''પૂજ્ય માના ઘરમાં, આજુબાજુના વ્યક્તિઓમાં એક આનંદ વહેતો હતો, ઉલ્લાસ હતો. સિવાય, પૂજ્ય માએ આપેલો એક નિયમ પણ ખૂબ ગમ્યો. તે છે 'સેલ ફોન' નહીં વાપરવાનો નિયમ. તેનાથી એક પ્રકારની શાંતિ

ઉદ્‌ભવી હતી. પૂજ્ય માના શબ્દોનો અનુવાદ મને ગમ્યો, હું ખૂબ શીખ્યો.''

ગુંજનબેનને એ વાત ખૂબ ગમી કે પૂજ્ય માની આત્મકથા એમને અંગ્રેજીમાં મળી. હેમાલીને કહે : ''પૂજ્ય માનાં નવા પદો અંગ્રેજી અનુવાદ પછી સમજીને ગાવાની ખૂબ મજા પડી.''

ભાઈ ચિન્મય કહે છે : ''પ્રકૃતિ અમારી ચારે ઓર ઉભરાતી રહી. સુંદર સ્થળ શોધવા જવું પડતું નહોતું. જ્યાં ત્યાં સુંદરતા જ હતી. પ્રાર્થનાની શક્તિ, ધ્યાન, ઉપવાસની આરોગ્ય પર અસર અને 'હેપીકાઉ.નેટ'– મેં આટલું ગ્રહણ કર્યું''.

તો ભાઈ ઝીલના આખા સર્વે ફોર્મમાં દરેક જવાબ એક જ શબ્દમાં અપાયેલો... ''મા..''

જુદી જુદી વ્યક્તિઓના ભાવ જગતમાં ડોકિયું કરતું આ સર્વે ફોર્મ જાણે ઈતિહાસને પૃષ્ઠોમાં કેદ કરનારું બની રહ્યું.

બેન મીતા કહે કે : ''આજુબાજુનું પ્રાકૃતિક સૌન્દર્ય, પહાડો જાણે મને પૂજ્ય પ્રભુની દશરથાચલની યાદ અપાવે છે. મને એવું લાગે છે કે પ્રભુ જાણે આ પહાડોની ટોચ ઉપર ઉભા છે, આપણને ઉત્થાનનો સંદેશ ધરી રહ્યા છે. પ્રભુ આપણી ધીરજ રાખીને રાહ જોયા કરે છે. આપણે સાધના, જપ, મૌન, ઉપવાસના પગથીયા ચઢવાના છે. પૂજ્ય મા આપણને લઈ જશે, અને આપણે પડી ના જઈએ તેની પણ કાળજી પૂજ્ય મા જ રાખશે.''

બેન ભૂમિ કહે, ''મા, હું નાની હતી તો પૂજ્ય માથી ખૂબ નજીક હતી. મોટી થઈ તો જાણે દૂર થઈ ગઈ. અહીં આવી તો મેં બાવની મોઢે કરી, માળા અને પ્રણામ વધાર્યા. મને એટલું ગમ્યું કે મને પૂજ્ય માની અનુમતિ મળે તો મારે આવવું છે.'' તેવો જ



અંતરનાદ બેન કોમલનો રહ્યો. તેઓ કહે ''મા માફી માગું કે હું દૂર જતી રહી હતી. પણ હવે પ્રાર્થના છે કે તમે તમારાથી દૂર થવા ના દેતાં. ને જો હું દૂર થાઉં તો તમે જ મને ખેંચી લેજો.''

દરેક યુવાનને જાણે ખોવાયેલા બાળકને એની મા મળી ગઈ એવી હાશ અને હૂંફ મળી. શ્રી મહેન્દ્રભાઈ નોંધે છે : ''આ શિબિરમાં યુવાનોના કેટલા પ્રશ્નો હોય તે જાણવા મળ્યું. જાણે બાળકો પૂજ્ય મા–પ્રભુને વધારે જાણી શક્યા, વધારે નજીક આવી ગયા એવું લાગ્યું.'' તેમાં સુર પુરાવતા ભાઈ અચ્યુત કહે છે કે પૂજ્ય પ્રભુના અનસ્ત સૂર્યના વાંચનમાંથી પ્રભુના જીવન વિષે ઘણું બધું શીખ્યા. તેનાથી જાણે એક જાગૃતિ આવી ને મને વિચારો આવવા લાગ્યા કે હું મારા જીવનનું શું કરી રહ્યો છું? કેવી રીતે જીવી રહ્યો છું?'' બેન દયા કહે છે કે ''પૂજ્ય પ્રભુની નજીક જવાના રસ્તા મને આ શિબિરમાં મળ્યા.'' તો બેન ભક્તિ ને લાગ્યું કે ''ભગવાન વિશેની મારી સમજ વધી. હવે હું નાસ્તિક નથી રહી.'' નિત્યા બેન કહે છે : ''અનસ્ત સૂર્યના વાંચન અને ચર્ચાથી ઘણી ઊંડી સમજ મને મળી શકી.'' તો બેન ઉમા લખે છે કે જે પ્રેરણાદાયક મુવી પૂજ્ય મા રોજ બતાવતાં હતાં તે મને ખૂબ ગમ્યાં.''

આવા પ્રતિભાવો પરથી સહજ ખ્યાલ આવે છે કે યુવા જગતના મનનું કપરું શિખર પૂજ્ય માએ હસતા હસતા સર કર્યું છે, તે કઠોર પ્રયાસે, જોહુકમીથી સર નથી કર્યું, પણ દરેકના જીવનમાં, જન્મોજનમનું ભાથું બાંધી આપતાં કર્યું. સૌ કંઈક પામ્યા.

# જે સરે તે સંસાર, જે જાય તે જગત.

–પૂ.મોટા

આપણી જેવી ભાવના હશે, તેવો અનુભવ આપણને મોડોવહેલો થયા કરશે. તે ઉપરાંત, આપણી જેવી માન્યતા હશે તેવા જ આપણે રહેવાના છીએ કે થવાના છીએ. પ્રત્યેક લાગણીઓ ભાવનાગત છે. એટલે આપણી જેવી જાતની ભાવના હશે, તેવી જાતની આપણને મળતા પ્રસંગો ઉપરથી લાગણીઓ ઉદ્‌ભવશે. તેથી, સંસારમાં ભારે ઉલ્કાપાત દરેક ક્ષણે થઇ રહેલો છે. તે તોફાનનાં મોજાં આપણી સાથે અથડાયા વિના રહેવાનાં નથી. આપણે ગમે તેટલી મોટી રક્ષણની દીવાલ ખડી કરીશું તોપણ જગતની કારમી છાયાનો ઓળો આપણા ઉપરથી પસાર થયા વિના રહેવાનો નથી. એક દૃષ્ટિએ જોઇશું તો માલુમ પડશે કે જગત એ મૃત્યુનો મુલક છે. આપણે લાંબો વિચાર કરી જોઇશું તો સમજાશે કે ધોમધખતી ધરણી કે લીલી હરિયાળી ભૂમિ એ બંનેના એકેએક રજમાં કોઇક ચેતનની રાખ જ ભરી પડેલી છે. જગતની માટીનું એક અણુ પણ એવું નથી કે જેની ઉપર મૃત્યુની છાયા ન હોય. આપણે હવાને તપાસો. વૈજ્ઞાનિકોએ પરમાણુ અને એનાથી પણ નાનાં 'એટમ્' વગેરે શોધ્યાં છે, અને તેઓ કહે છે કે એ બધાંમાં સ્વયંપ્રકાશિત શક્તિ પુરાયેલી છે. મૃત્યુની કારમી ઝપટમાં આવી ગયેલાં સ્થૂળ શરીરનું ચૈતન્યતત્ત્વ આમ હવામાં રહ્યું, તો તે પણ મૃત્યુની જ છાયા નહિ તો બીજું શું? પછી જુઓ આકાશ! મૃત્યુની નજીક



રહેલા માણસને પૂછી જોજો કે માનવતાની આખરી શાંતિ પારાવાર આકાશમાં કેવી રીતે પથરાયેલી છે? આકાશતત્ત્વમાં જીવનમાત્રની આખરી સ્થિતિ ફેલાયેલી હોય છે, રહે છે. એ કોઇક મહાયોગી આપણને સમજાવી શકે, પણ એની ઝાંખી કોઇ પણ સાધુ હૃદયને ધ્યાન દ્વારા થઇ શકે છે.

પછી રહ્યાં પ્રકાશતત્ત્વ અને પાણી. એ બંનેમાં પણ પાર વિનાની ચેતનાશક્તિ ભરેલી છે. તે એક વખતે જગતમાં જીવરૂપે પ્રવર્તેલી હતી. આખા વિશ્વમાં પ્રતિક્ષણ નવું સર્જન થતું જણાય છે. તેનું રહસ્ય એ છે કે એક જ પરમ તત્ત્વનાં રૂપરંગ બદલાયાં કરે છે. તત્ત્વ તો એનું એ જ રહે છે. જે પરમ તત્ત્વ સર્વત્ર વિસ્તરેલું છે, તે સ્વયંસિદ્ધ અને સંપૂર્ણ છે. તેમાં અંદર વસેલી ગૂઢ શક્તિને લીધે ફેરફારો થયા કરે છે.

આવા નિરંતરના પલટાને આપણે જગત કહીએ છીએ. આપણે જે કંઇ જોઇએ છીએ, અને બીજી રીતે અનુભવીએ છીએ, એ બધું મૃત્યુથી વીંટળાયેલું છે. મૃત્યુમાંથી ઉદ્‌ભવીને મૃત્યુમાં શમે છે. માનવીએ જેને મૃત્યુ કહ્યું, તે આ પલટા સિવાય બીજું કંઇ જ નથી. અત્યારે જ જે પળ વીતી રહી છે અને ભૂતકાળની અનંત છાયામાં જે જઇ રહી છે, તે પણ મૃત્યુ પામે છે. એક જ સ્થિર, શાંતિ, અચિંત્ય, અગમ્ય એવું પરમ તત્ત્વ ક્ષણે ક્ષણે પરિવર્તન પામી રહ્યું છે. એ પરિવર્તનને આપણે મૃત્યુ કહીએ છીએ.

# જ્ઞાનની ગંગોત્રી

સ્વામી શ્રી ચિદાનંદ સરસ્વતી

## સાધક અને ગુંડાનું દૃષ્ટાંત

કોઈ ભક્તિભાવયુક્ત મુમુક્ષુ સાધકે એક પવિત્ર મહાત્માને ગુરુ કર્યા હતા. આ ગુરુ ફરતા સાધુ હતા ને તેમને કેટલાક આશ્રમો હતા, આથી તેમને જુદે જુદે સ્થળે છવાયેલા શિષ્યો પ્રતિ ધ્યાન આપવું પડતું હતું. જ્યાં આ ભાવિક શિષ્ય રહેતો હતો તે નાના ગામમાં ગુરુ દર વરસે આવતા. આ શિષ્ય ખરેખર સારો હતો ને ગુરુ પ્રત્યે તેને ખૂબ ભાવ હતો. જ્યારે–જ્યારે ગુરુ તેને ત્યાં આવતા ત્યારે–ત્યારે તે ખૂબ પૂજ્યભાવ–સહિત તેમની સેવા કરતો, તેમની તહેનાતમાં રહેતો અને તેમની જ્ઞાનચર્ચા સાંભળતો. એક વાર ગુરુ જ્યારે તેને ત્યાં આવ્યા ત્યારે તેમણે સ્વાભાવિક રીતે શિષ્યને પૂછ્યું, ''અહીં બધું કેમ ચાલે છે? તમારી સાધનાની સ્થિતિ કેવી છે?'' શિષ્યે જવાબ દીધો, ''બીજું બધું તો બરાબર છે, પણ આ ગામમાં થોડુંક દુઃખ છે. અહીં ગામને એક છેવાડે એક ગુંડા જેવો બદમાશ રહે છે. તે અત્યંત ક્રૂર ને અનાડી હોવાથી બધાને દુઃખ આપે છે.'' આમ કહીને તેણે તે માણસે બીજાઓ પર જે જુલમ ને રંજાડ કરી હતી તે બધા પ્રસંગોનું બયાન કર્યું. આ સાંભળી ગુરુએ કહ્યું, ''સમય આવતાં તે માણસ સુધરશે, તેની ચિંતા કરવાને બદલે તેને માટે પ્રાર્થના કરવી એ સારું છે.'' આમ કહીને તેમણે રજા લીધી. બે વરસ બાદ ગુરુ ફરીથી તે ગામમાં આવ્યા અને અગાઉની માફક શિષ્યના કુશળ–સમાચાર પૂછ્યા. ત્યારે શિષ્યે કહ્યું, ''પેલો



બદમાશ તો સુધરવાને બદલે વધારે બગડ્યો છે!'' આમ કહીને તેનાં શિરજોરીનાં કૃત્યોનું વર્ણન કરવા માંડ્યું. ગુરુએ બધી વાત શાંતિથી સાંભળીને કહ્યું, ''ભાઈ! ગયે વખતે જ્યારે હું અહીં આવ્યો ત્યારે મને તારા સંબંધી બહુ ચિંતા ન હતી, કેમકે તું ગામના આ ભાગમાં રહે છે ને પેલો ગુંડો બીજા ભાગમાં રહેતો હતો. આથી તમારા બંનેની વચ્ચે આટલું અંતર હતું એટલે તમારા આધ્યાત્મિક જીવન પર તેની અસર થાય તેમ ન હતું, પણ હવે તો વસ્તુસ્થિતિ ગંભીર બની ગઈ છે.'' શિષ્યે કહ્યું ''ના, ગુરુજી, હજી તે તો ત્યાં જ રહે છે.'' ગુરુએ કહ્યું, ''ના, ના, અત્યારે તો તે તમારી અંદર જ રહે છે, પહેલાં તે બહાર ને દૂર હતો, પણ હવે તો તમે તમારી અંદર જ તેને સ્થાન આપ્યું છે.'' કેમકે શિષ્યે પોતાના અંતરમાં ગુરુનો બોધ, ઈશ્વરનું સ્મરણ, મંત્ર–જપ, પ્રાર્થના કે ધ્યાનને બદલે તે બીજા માણસ ને તેનાં કૃત્યોને જ સ્થાન આપ્યું હતું.

આ દૃષ્ટાંત ખૂબ વિચારવા લાયક છે. તે બતાવે છે કે જીવાત્મા પોતાના આંતરિક કેન્દ્રમાં સ્થિર રહેવાને બદલે બહારના વિષયોમાં રસ લેતો થાય તો તેની ભવ્ય સિદ્ધિ–મોક્ષ માટેનો આંતરિક વિકાસ અટકી જાય છે. માટે તમારે સત્ય–કેન્દ્રિત થવું જોઈએ. જો મન તમને અંદરના કેન્દ્રમાંથી દૂર ખેંચી જઈ પાર્થિવ પદાર્થોના ચિંતનમાં ઘસડી જાય, તો તમે તમારા માટે નવાં કર્મો ઉત્પન્ન કરો છો, અને તમારા બંધનની મજબૂત જાળ ગૂંથો છો, જેમાં તમારાં અજ્ઞાનજનિત ખોટાં કર્મો ને ખોટા વિચારોથી તમે ગૂંચવાઈ મરો છો.

## બે ઝેન સાધુઓનું દૃષ્ટાંત

એક વખત બે ઝેન સાધુઓ પ્રવાસે નીકળ્યા હતા. રસ્તામાં તેઓ એક નાની નદીને કિનારે આવ્યા, ત્યાં પાણીનો પ્રવાહ તેજ હતો અને એક ગ્રામ્ય સ્ત્રીને તે નદી ઓળંગીને પાર જવું હતું. પણ હોડીમાં જવાનો સમય પણ વીતી ગયો હોઇ ને સાંજ પડવાથી હોડીવાળાઓ હોડીને કિનારે બાંધીને ચાલ્યા ગયા હતા. આ બંને સાધુઓ તો સશક્ત હતા અને તેમને હોડીની પરવા પણ ન હતી, તેથી તેમણે પોતાનાં કપડાં બરાબર વ્યવસ્થિત બાંધી તરીને સામે કિનારે જવાની તૈયારી કરી, ત્યારે તે સ્ત્રીએ પોતાની નિરાધાર સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું, ''અહીં મારું કોઇ સગું આદિ નથી ને સામે કાંઠે ગામમાં પહોંચ્યા સિવાય ચાલે તેમ નથી.'' આ સાંભળી તે બેમાંના નાનેરા સાધુએ કહ્યું, ''માતા, ચિંતા કરો નહીં. હું તમને સામે પાર લઇ જઇશ.'' આમ કહીને તે સ્ત્રીને ખભા પર ઉપાડીને નદી પાર કરાવી. પેલી સ્ત્રી ખૂબ આભાર માનતી–માનતી ચાલી ગઇ. પણ આ સાધુએ સાધુધર્મના નિયમ વિરુદ્ધ સ્ત્રીનો સ્પર્શ કર્યો હતો તે જોઇને મોટેરા સાધુને ખૂબ આઘાત લાગ્યો હતો, એટલે તેણે તેના પ્રત્યે નાખુશી ભરેલો કટાક્ષ ફેંકીને કહ્યું, ''અરે! તમે તે સ્ત્રીને કેમ માથે ઉપાડી?'' નાનેરા સાધુએ કહ્યું, ''તે વાતને મનમાંથી દૂર કરો.'' છતાં થોડાક માઇલ ચાલ્યા પછી ફરીથી કહ્યું, ''જુઓ, તમારે મુખ્ય સાધુ આગળ તમારા અપરાધનું નિવેદન કરી તેનું પ્રાયશ્ચિત કરવું પડશે, કેમકે તમે સ્ત્રીના સ્પર્શરૂપી ઘણો મોટો અપરાધ કર્યો છે.'' આ સાંભળી તે સાધુને ખૂબ નવાઇ લાગી અને કહ્યું, ''મહાત્માજી! મેં તો તે સ્ત્રીને ક્યારની નદીકિનારે



છોડી દીધી છે અને તેને ભૂલી પણ ગયો છું પણ તમે તો હજી પણ તેને માથે લઇને જ ફરો છો.'' આવી જ સ્થિતિ બંધાયેલા ને મુક્ત પુરુષની છે.

## ધર્મગુરુ અને વેશ્યાનું દૃષ્ટાંત

આવું જ એક બીજું ભાગવતનું દૃષ્ટાંત છે. એક શહેરમાં એક ધર્મગુરુ રહેતા હતા, તેને ઘણા શિષ્યો હતા, જે સવાર–સાંજ તેના સત્સંગ ને પ્રવચનમાં હાજરી આપતા ને દિવસના બીજા ભાગમાં તેઓ પોતાની શંકાઓના નિવારણ ને માર્ગદર્શન માટે આવતા. આ ગુરુના મઠની સામે એક વેશ્યા રહેતી હતી. તેની મા ને દાદી તે જ ધંધો કરતાં હોવાથી તે પણ આ ધંધામાં પડી હતી અને બીજો કોઇ વ્યવસાય જાણતી ન હતી. કોઇ કોઇ વાર આ ગુરુ જ્યારે તેને રસ્તામાં મળતા ત્યારે કહેતા, ''તું નરકે જઇશ, કેમકે તારું જીવન અતિ મલિન ને ભ્રષ્ટ છે અને કર્મ ઘણાં ખરાબ છે.'' આ સાંભળીને તે વેશ્યાને મનમાં ઘણી ગ્લાનિ ને દુઃખ થતાં અને તે ઈશ્વરને પ્રાર્થના કરતી, ''હે ઈશ્વર! હું કેવી પાપી છું કે આવું ભયંકર જીવન જીવું છું! ત્યારે આ મહારાજનું જીવન કેવું પવિત્ર છે! તે તો હંમેશાં તમારા સંબંધી જ વાતો, ચર્ચા ને ચિંતન કરે છે અને ભક્તોના સાથમાં રહે છે!'' આમ તેની અંતરની ગ્લાનિ વધતી ગઇ, પણ ધંધો છૂટી શકે તેમ ન હોવાથી તે લાચાર હતી. બીજી બાજુ ધર્મગુરુ પણ કોઇ કોઇવાર પોતાની બારીમાંથી તે વેશ્યાને ત્યાં આવતા–જતા પુરુષોને જોઇને તે વેશ્યાના પાપનો વિચાર કરતા અને છેવટે એવો વખત આવ્યો કે તે મનુષ્યોની સંખ્યા પણ ગણવા લાગ્યા, ને તે મનુષ્યો કોણ–કોણ છે તેની તપાસ કરવા માંડી. આમ

ઈશ્વરને બદલે પાપનું જ માનસિક ચિંતન થવા માંડ્યું—આથી જ્યારે તેમનો મૃત્યુ સમય આવ્યો ત્યારે તે ગુરુ નરકે ગયા, પણ વેશ્યા મરી ત્યારે તે સ્વર્ગે ગઈ. આ વર્ણવીને ભાગવતકાર કહે છે કે "પરમાત્મા જીવાત્માની અંદરની ભાવના ને વિચારો લક્ષમાં રાખીને તે પ્રમાણે ફળ આપે છે." તે વેશ્યાની ચેતના ધીમેધીમે પશ્ચાત્તાપ સાથે ઈશ્વર, તેની પ્રાર્થના ને પવિત્રજીવન પર કેન્દ્રિત થતી ગઈ, ત્યારે ધર્મગુરુની ચેતના આધ્યાત્મિક જીવન ને પ્રવૃત્તિ પરથી તે સ્ત્રીનાં દુષ્કૃત્યો પર કેન્દ્રિત થઈ. આથી તેમનું બાહ્ય જીવન રૂપાળું છતાં આંતરિક જીવન તદ્દન જુદા જ પ્રકારનું હતું—આનું પરિણામ એ આવ્યું કે તેમણે અંધકાર ને બંધનનાં બીજ વાવવા માંડ્યાં. આ સત્યનો આપણે અહીંના આપણા જીવન દરમ્યાન સાક્ષાત્કાર કરવો જોઈએ.

## આંતરપુરુષને શિક્ષણ આપવાની અગત્ય

તમે કઈ દિશામાં જાઓ છો? તમારી આંતરચેતનાનું ધ્યેય, લક્ષ્ય કે છેવટનું બિંદુ શું છે? આ ક્ષેત્રમાં જ બંધન ને મુક્તિ, સુખ ને દુઃખ, અંધકાર ને પ્રકાશના પ્રશ્નનો ઉકેલ રહેલો છે. તમારા સત્ય આંતરતમ સ્વરૂપમાં તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, કેમકે તે તો પરિપૂર્ણ, નીરોગી, ચિદઘન પ્રકાશ—સ્વરૂપ જ છે. ત્યાં તો આનંદ ને શાંતિનું સામ્રાજ્ય હોવાથી કંઈ કરવાપણું જ નથી. છતાં કંઈ કરવાનો પ્રયાસ કરવો એ તો કમળને ચીતરવા કે સૂર્ય સામે મીણબત્તી ધરવા જેવું વ્યર્થ કાર્ય થાય. તમારું સનાતન સત્ય સ્વરૂપ તો ઘનીભૂત દિવ્ય પ્રકાશરૂપ છે.

બીજી બાજુ ભૌતિક શરીર સંબંધી પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, કારણ કે તે જડ, બુદ્ધિહીન, સ્થૂળ ખોળિયું છે. તે



કંઈ કરી શકે તેમ નથી. જરા વિચાર કરો—રાત્રે સૂતી વખતે જ્યારે તેમાંથી તમારી ચેતનાને તમે ખેંચી લો છો ત્યારે તેની સ્થિતિ કેવી હોય છે? તે નર્યા લાકડાના ટુકડા જેવું બની જાય છે, પછી ભલેને મનુષ્ય શહેનશાહ, સેનાધિપતિ, કરોડાધિપતિ કે જગપ્રસિદ્ધ કુસ્તીબાજ મલ્લ હોય! આવા જડ બુદ્ધિહીન શરીરમાં ભૌતિક જીવન, બંધન આદિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. માટે આ દુઃખ, બંધન, પીડા, રોગ, વૃદ્ધાવસ્થા ને મૃત્યુના પ્રશ્નોના નિરાકરણ માટે તમારે આધ્યાત્મિક તેમજ આધિભૌતિક બંનેથી નિરાળા ક્ષેત્રમાં દ્રષ્ટિ કરવી પડશે અને તે ક્ષેત્ર આ બંને વચ્ચે રહેલું વિચાર, લાગણી ને બુદ્ધિનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રને જો યોગ્ય રીતે કેળવવામાં આવે તો તમે સર્વ સમ્રાટોના સમ્રાટ બની શકો. પણ જો તેને ખોટી દિશામાં વાળવામાં આવે તો આખું જીવન ભ્રષ્ટ થઈ જાય છે. દુનિયાની હાલની કરુણાજનક સ્થિતિ જે તમે સર્વત્ર જુઓ છો તેનું મૂળ કારણ એ છે કે કોઈએ માનવસમાજના વિકાસ માટે આંતરમાનવના શિક્ષણ પર ભાર મૂક્યો નથી. મનુષ્યના શિક્ષણ, કેળવણી, સંસ્કૃતિ આદિના બધા ખ્યાલો માત્ર બહારના ભૌતિક, શારીરિક કે ઈન્દ્રિયવિષયક સુધારાને જ સ્પર્શે છે. કોઈએ મનુષ્યની ચેતનાને અંદરના શાશ્વત દિવ્ય આત્મા પર કેન્દ્રિત કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો જ નથી. અર્થાત્ ઊછરતી પેઢીને આત્માનું ભાન થાય એવી કેળવણી આપવાનો કોઈએ પ્રયાસ કર્યો નથી.

આને લીધે જ માનવજાતિ આધ્યાત્મિક મહારોગથી પીડાતી આવી છે. આમાં અફસોસની વાત તો એ છે કે આ માંદગી અનિવાર્ય નહીં, પણ દૂર કરી શકાય એવી છે. યોગ એટલે

માનવના અંતરાત્માને શાશ્વત દિવ્ય પરમાત્મામાં કેન્દ્રિત કરીને મનુષ્યને વ્યક્તિત્વ આપનાર મૂળભૂત પ્રકૃતિનું રૂપાંતર કરવાનું વિજ્ઞાન. વિચાર, બુદ્ધિ ને લાગણીની શક્તિઓ જ મનુષ્યને પશુતામાં સરી પડતાં અટકાવી તેને માનવ બનાવે છે, તે વિના તો મનુષ્ય ને પશુમાં જરા પણ ભેદ નથી. મનુષ્યની તેમજ બીજાં બધાં પ્રાણીઓની શારીરિક રચનાઓ ને તેનાં કાર્યો—અંદરનાં અવયવો, શ્વાસોચ્છવાસ, રૂધિરાભિસરણ, પાચન, ઉત્સર્ગ આદિ ક્રિયાતંત્રો, તેમનો એકબીજા સાથેનો સંબંધ, વાળ, ચામડી, નખ વગેરે બધી બાબતોમાં આબેહૂબ સમાનતા રહેલી છે, માત્ર માનવની વિચાર ને લાગણીની શક્તિ જ તેને માનવ બનાવે છે. માટે આ બંને શક્તિઓને ઈશ્વર પ્રત્યે વાળવાથી જ લાખો વરસો દરમ્યાન ઘડાયેલી માનવપ્રકૃતિને આંતરિક આધ્યાત્મિક તત્ત્વવાળી બનાવી શકાય.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



## THE MESSAGES I LEARNT FROM MAA.

**–Gopi Rama**

When you come to MAA, you always learn something new. This youth shibir, MAA has addressed a couple of points to the youth through Hari Ras Ni Heli, Anastha Surya, MAA's pad Prasad, and when MAA writes on Her slate. One message stood out to me the most was the power and importance of prayer and chanting God's name. Praying to God is a way you can talk to God and chanting or meditation is a way that God talks to you.

I have had a few experiences where I have prayed and everything at the end worked out the way it was supposed to. One experience I've had was when I was driving to San Antonio to see my aunt. When I was on my way there it started pouring so heavily, I could not even see the road! The weather was horrible. I got an alert on my phone about a warning for a tornado, which made me scared. I started chanting "OM MAA." The next thing I saw in front of me was a car that had its emergency lights on. This

car guided me all the way until the rain stopped. Some people may have called it a coincidence but I call it MAA and Prabhuji's krupa. Just those two words were so powerful and kept me safe. There are multiple ways one can pray to God.

The second message mentioned throughout the 3 weeks that I was here is detachment from people and material things. In Hari Ras Ni Heli MAA writes how She hears people talk when they are away from home that they miss their pillow and bed from home. But we never MAA complain about things like that. MAA always thanks Prabhuji for Her not getting attached or Her not missing anything, place, and people.

The third message was to always forgive and pray for someone that is being rude to you. Reading Anastha Surya makes me realize the importance of forgiving and praying for others. Prabhuji was always calm to people that were rude to him. Prabhuji never got upset over it or hated them, instead he would pray for them. Even though this quality is hard to practice in the real world, I want to try and practice this when I go back to the real world.



I am glad that I ended up staying longer than planned. I was only supposed to stay for a week but then MAA asked me to stay. So I basically ended up staying until the end.

Even then, in the last week I was very worried about getting home to apply for a job. One day I was told to let MAA worry about it. Then I silently prayed to Maa, "Okay MAA this is all on you I am going to let you take care of this." All I did my last week was pray that I get a job. My second to last day here, I received a call from a clinic on how they are interested in hiring me. (I had not even applied for a job or forwarded my resume to anyone yet!) At that moment I was SO HAPPY and jumping in joy. All I could think of was MAA. So to MAA, thank you so much for always listening to our prayers. I know that we get so caught up in our worldly life that we tend not to not always think of MAA Prabhu. Once I get home I want to be able to work on all the messages that were delivered to me.

My Pranams to Pujya Maa.

# અણિશુદ્ધ ઈમાનદારી

**—સંકલન : અનંત શુકલ**

'જો ભાઈ! આપણે ત્યાં કાપડનો નવો માલ જે વેચવા આવ્યો છે એમાં કાપડનો એક તાકો નુકશાનીનો છે. ગ્રાહક એ તાકો પસંદ કરે ત્યારે એને સ્પષ્ટ કહેવું કે આ નુકશાનીનો માલ છે એનાં દામ અડધા લેવાનાં છે. સાચી હકીકત જાણ્યા પછી ગ્રાહક એ તાકો લેવા તૈયાર થાય તો જ અડધા દામ લઈને તાકો એને આપી દેજો. ભૂલેચૂકે પણ આ નુકશાની માલ, સારા માલ તરીકે વેચાઈ ન જાય એની ખાસ તકેદારી રાખજો.' ખલીફાએ મુનીમને ખાસ સૂચના આપતાં કહ્યું.

ખિલાફત મળી હોવા છતાં ખલીફા તેમના પોતાના પરિવારનું ગુજરાન કાપડની આ દુકાનની કમાણીમાંથી જ કરતા. ઓછામાં ઓછે નફે માલ વેચતા. નાનો છોકરો પણ એમને ત્યાં માલ ખરીદવા આવતો તો જરાયે છેતરાયા વિના માલ વેચાતો લઈ જતો.

ખલીફાએ એ નુકશાનીવાળો તાકો તરત જ શોધી કાઢ્યો. મુનીમને એ બતાવી, ફરી પાછી એના વેચાણ અંગેની પાકી સૂચના આપી દીધી.

ખલીફાને તો ખિલાફત સંભાળવાની, એટલે દુકાને બેસવાનો સમય ખૂબ જ ઓછો મળતો. વિશ્વાસુ મુનીમ જ દુકાનનો બધો જ કારભાર સંભાળતો.

ખલીફાની ગેરહાજરીમાં જ નુકશાનીનો આ તાકો પૂરા દામે વેચાઈ ગયો. મુનીમને એ વાતનું ધ્યાન જ માલ વેચતી વેળાએ રહ્યું નહીં. અને આ વાત યાદ આવી ત્યારે ગ્રાહક તો માલ



વેચાતો લઈને ચાલ્યો ગયો હતો.

ખલીફા દુકાને આવ્યા ત્યારે મુનીમે પોતાની ભૂલ કબૂલ કરી, નુકશાની તાકો પૂરા દામે વેચાઈ ગયાની વાત કરી.

મુનીમની વાત સાંભળી ખલીફાને ખૂબ જ દુઃખ થયું. મુનીમને ઠપકો આપ્યો. પછી દર્દભર્યે સ્વરે બોલ્યા, 'ભાઈ, આજના સોદામાં તેં આપણા ઈમાનને પણ વેચી દીધો. એ અજાણ્યો ગ્રાહક આ તાકામાંથી વસ્ત્ર સિવડાવવા દરજી પાસે જશે. દરજી તાકો ખોલીને એને નુકશાનીવાળો ભાગ બતાવશે ત્યારે આ ગ્રાહકના અંતરમાં આપણી બેઈમાની પ્રત્યે કેવી નફરત પેદા થશે!'

ખલીફાનો પડી ગયેલો ચહેલો નિહાળી મુનીમના પસ્તાવાનો પાર ન રહ્યો. ખલીફાની માફી માગતાં એ બોલ્યો, 'મારી ગફલત બદલ માફ કરો. આપે સૂચના આપ્યા છતાં એનો અમલ મેં ન કર્યો. હું સખત નશ્યતને કાબિલ છું.'

'મારી માફી માગવાથી શું વળવાનું છે?' ખલીફા ગંભીર સ્વરે બોલ્યા, 'માફી તો નુકશાની કાપડનો તાકો લઈ ગયા એ ગ્રાહકની માગવાની છે. એને અડધા દામના પૈસા પણ પાછા આપવાના છે. તું એમનું નામ જાણે છે? ગ્રાહક ક્યાં રહે છે એની તને ખબર છે?'

'એ ગ્રાહક અજાણ્યા છે. અહીં તો હજ કરવા બહારથી આવ્યા છે. મુસાફરખાનામાં ઊતર્યા છે. એમની સાથે આવેલ ભાઈ સાથે વાત કરતા હતા કે મક્કા જવા માટે આપણે હવે તરત નીકળવું જોઈએ.'

ખલીફાએ તો તરત જ નોકરને મોકલી, પાણીદાર ઊંટ મંગાવી લીધું. દુકાન એ વિશ્વાસુ નોકરને સોંપી, ખલીફા ને

મુનીમ, એ ઊંટ પર સવારી કરી, મુસાફરખાનામાં ઝડપી ગતિએ પહોંચી ગયા.

મુસાફરખાનામાં મુનીમ ફરી વળ્યો. ત્યાં ઘણા મુસાફરો ઊતરેલા હતા. પણ કાપડનો તાકો વેચાતો લઇ ગયેલ ગ્રાહકનો પત્તો ન લાગ્યો.

મુસાફરખાનાના ચોકીદારને પૂછતાં તેણે માહિતી આપતાં કહ્યું, 'હા, હજૂર, આપના મુનીમે કરેલા વર્ણન મુજબનો માણસ હજ કરનારા કાફલા સાથે બે કલાક પહેલાં જ મદીના તરફ જવા નીકળી ગયો છે.'

ગ્રાહકનું પગેરું સાંપડતાં જ ખલીફાએ તો ઊંટને મદીનાને મારગે મારી મૂક્યું. ઊંટ પાણીદાર હતું. બીજા ઊંટો કરતાં એની ચાલ ખૂબ જ તેજ હતી. સતત છ કલાક સુધી ઊંટને એકધારું દોડાવી, કાફલાને એ આંબી ગયા.

કાફલો ડેરા–તંબુ નાખી, ત્યાં આરામ કરવા રોકાયો હતો. મુનીમે એ ગ્રાહકને તરત જ શોધી કાઢ્યો. મુનીમને પોતાની પાછળ છેક અહીં સુધી આવેલો જોઈ ગ્રાહકને ખૂબ જ આશ્ચર્ય થયું.

ગ્રાહકે તરત જ પૂછ્યું, 'ભાઈ, શું પૈસાની લેવડ–દેવડમાં કંઈ ભૂલચૂક થઈ છે? તમારે મારી પાછળ છેક અહીં સુધી કેમ દોડી આવવું પડ્યું? બોલો, મારી પાસેથી દામ ઓછાં લેવાયાં હોય તો બાકીનાં અત્યારે જ ચૂકવી દઉં. હજ કરવા નીકળ્યો છું હરામનો કોઈનોયે દીનાર મને ન ખપે.'

ગ્રાહકની ભાવના જોઈને ખલીફા ખૂબ જ પ્રભાવિત થઈ ગયા. મુનીમને બદલે એમણે જ જવાબ આપતાં કહ્યું, 'ભાઈજાન, લેવડ–દેવડમાં ભૂલ આપની નથી, અમારી છે.'

'તો એમાં છેક આટલે સુધી ધક્કો ખાઈને શા માટે હેરાન–પરેશાન થયા?'



'ભાઈજાન!' ખલીફા બોલ્યો, 'આપને કાપડનો જે તાકો આપવામાં આવ્યો છે એમાં વચ્ચેના ભાગમાં નુકશાની છે. મુનીમને મેં અગાઉ સૂચના આપી રાખી હતી કે જે કોઇ ગ્રાહક આ તાકો પસંદ કરે એને અડધા દામમાં આપી દેજો. કૃપા કરી અડધા દામની રકમ આપ પાછી સ્વીકારી લો.'

ખલીફાની વાત સાંભળીને ગ્રાહક તો તાજજુબ થઈ ગયો. એના મુખમાંથી સાહિજક જ શબ્દો સરી પડ્યા, 'ભાઈજાન, મને છેતરવાનો આપનો કે આપના મુનીમનો બિલકુલ ઇરાદો નહોતો. શરતચૂકથી નુકશાની માલ મારી પાસે આવી ગયો. એને માટે કાંઇ છેક અહીં સુધી તકલીફ ઉઠાવી, મને અડધા દામ પાછાં આપવાં આવવાની બિલકુલ જરૂર નહોતી.'

'માત્ર અડધું દામ પાછુ આપવાની જ વાત પતતી નથી.' આપની સાથે અજાણતાંયે આવો બેઇમાનીભર્યો વ્યવહાર થઇ ગયો એને માટે અમે આપની માફી માગીએ છીએ.

ગ્રાહક તો ખલીફાની વાતથી ખૂબ પ્રભાવિત થઈ ગયો. એ કાંઈ જવાબ આપવા જતો હતો ત્યાં જ કાફલાનો સરદાર ત્યાં આવી પહોંચ્યો. એ ખલીફાને તરત જ ઓળખી ગયો.

ખૂબ આદરપૂર્વક ખલીફાને કુરનિશ બજાવી એ બોલ્યો, 'અરે હજૂર! આપ અહીં પધાર્યા છો અને મને ખબર પણ ન આપ્યાં!'

હું ખલીફાની હેસિયતથી નહીં નથી આવ્યો. હું તો વેપારી તરીકે આવ્યો છું. વેપારની વાત પતી ગઈ. અમે હવે જઈએ. મોડું થાય છે.

ને ખલીફાએ ઊંટને તરત જ પાછું વાળ્યું.

એ નિષ્ઠાવાન ઇમાનદાર ખલીફા હતા અબુ બક્ર.

### પૂ.માએ ૧૦૧૨ પ્રણામ

# પુષ્પોની હારમાળા પ્રભુને ચઢાવી

—અશ્વિન કાકા

પૂ.શ્રી મા સર્વેશ્વરી આપે સ્વર્ગારોહણમાં અપનાવેલ પ્રણામ પુષ્પોની પ્રણાલિકા ખૂબ જ સરસ છે. અને એમાં પણ સાષ્ટાંગ દંડવત પ્રણામની પ્રણાલિકા તો રોજબરોજનું પ્રાર્થનાનું અભિન્ન અંગ હોય તેમ લાગે છે. જાણે તેના વગર સવાર અધુરી લાગે અને જો ચુકાઇ જાય તો આખા દિવસમાં વસવસો રહ્યા કરે કે આજે કંઇક અગત્યનું રહી ગયું હોય. અને એમાં પણ પૂ.શ્રી મા સાથે પ્રણામની પ્રણાલિકા વળી એનાથી પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે. અને એ પણ જો ચુકાઇ જાય તો... તેનો અફસોસ આખી જિંદગી દરમ્યાન રહી જાય. અને એમાં જે રીતે પૂ.શ્રીમા શીખવે છે તેમ દરેક સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પ પ્રાર્થના વિના અધુરા છે. જેથી તે જડ કે યંત્રવત્ ક્રિયા ના બની જાય. આમ આપણને સતત જાગૃત રાખે છે.

પૂ.શ્રી માએ ૧૧/૧૨/૨૦૧૬ના મંગળ પ્રભાતે ૫.૩૦ મંગળા દર્શનનો લાભ કરાવીને સૌ ભક્તો સાથે સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પોની મોજ માણી અને પૂ.શ્રી મા એ ત્રણ બેઠકમાં કુલ ૧૦૧૨ સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પ પ્રભુને અર્પણ કર્યા તે એક અનેરો અવસર હતો. અને તે પણ બધા ભક્તોની સાથે મસ્ત થઇ પૂ.શ્રી માને અને ઉંમરને જાણે કંઇ બંધન છે જ નહીં તે



દંડવત પ્રણામ પુષ્પોની મોજ માણી તે પરથી આપણે અનુભવી શકીએ. અને જો કોઇને રહી સહી શંકા હોય તો પણ તે નિર્મૂળ થઇ જાય.

સતત એક કલાક અને પાંચ મિનિટ એક ધાર્યા સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા છતાં પૂ.શ્રીમા કહે છે. કે પૂ.શ્રીમા પ્રણામમાં એવા ખોવાઇ જાય છે અને કહે છે જાણે એવું લાગે છે હમણાં જ સાષ્ટાંગ દંડવત પ્રણામની શરૂઆત કરી હોય. અમારે યુવાનોએ તો શરમાવું જોઇએ કારણ કે અમારા યુવાનોમાં જે સ્ફૂર્તિ અને શક્તિ હોવાં જોઇએ એ પૂ.શ્રીમા આપનામાં છે અને તે પણ અતિઅલ્પ પોષણ સાથે. પૂ.શ્રીમા આપના ચરણોમાં કોટીકોટી સાષ્ટાંગ દંડવત પ્રણામ, એવું વારેવારે કહેવાઇ જાય છે.

પૂ.શ્રીમા પ્રણામ કરતા કરતા આ પંક્તિ જાણે આપે જ સુઝાડી હશે અને તેથી અહીં રજૂ કરી છે પૂ.શ્રીમા કોઈ ક્ષતિ હોય તો ક્ષમા કરશો.

પ્રણામ પુષ્પ ધરું તને હું
આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ
મૌન પુષ્પ ધરું તને હું
આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ
નિર્જળા પુષ્પ ધરું તને હું
આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ
સેવા પુષ્પ ધરું તને હું
આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ

સેવા પુષ્પ ધરું તને હું

આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ

સખા પુષ્પ ધરું તને હું

આ જીવનનો તારણહાર તું...ૐ યોગેશ્વર રક્ષમામ મા સર્વેશ્વરી પાહીમામ

અમારા પર અને અમારા સમગ્ર કુંટુંબ પર આપે અનરાધાર કૃપાની હેલી વરસાવી છે. અને પૂ.શ્રીમા જન્મો જન્મ આપે કરેલી અનરાધાર કૃપાનું ઋણ ઉતારી શકીએ તેમ નથી તેથી આ સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પ પ્રાર્થના સાથે પ્રભુને અર્પણ કરી અને રજ જેટલો કદાચ ભાર ઓછો થાય તો ઘણું એમ માનીએ. સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પ પ્રભુને અર્પણ પણ આપ જ કરાવો છો આપ જ શક્તિ આપો છો એટલે જ કદાચ થતા હશે. ફરી ફરી સાષ્ટાંગ દંડવત પ્રણામ પુષ્પોની હારમાળા આપશ્રીના શ્રીચરણે ધરું છું.

---

(પૃષ્ઠ ૬૪ નું અનુસંધાન)

કબીર સાહેબ તેના પર ખૂબ ગુસ્સે થયા, કહ્યું; 'અરે! મૂર્ખ! તું નામને શું સમજે છે? અરે...! નામ જાપકની હવા લાગી જાય; નામ જાપકનું સ્મરણ થઈ જાય...તો તેનાથી રોગ દૂર થઈ જાય છે. નામ લેવું પડે...એટલી જરૂરિયાત નથી...'

નામનો મહિમા જે સમજે છે તે જાણે છે કે નામ જાપકની હવા લાગી જવાથી રોગ દૂર થઈ જાય છે, નામ જાપકનું સ્મરણ કરવાથી રોગ દૂર થઈ શકે છે. **(ક્રમશઃ)**



# કલિયુગમાં નામજપ

**શ્રી સ્વામી અભિરામદાસજી ત્યાગી**

**આ કલિયુગમાં પરમાત્માની પ્રાપ્તિ માટે ઉત્તમ સાધન કયું?**

શ્રીરામ. આ કલિયુગમાં (પરમાત્માની પ્રાપ્તિ માટે—) સાધન તો ઘણાં છે, પરંતુ તેઓ કલેશ સાધ્ય છે, કષ્ટ સાધ્ય છે. તેમને કરવામાં ઘણી તકલીફ છે. સરળ સાધન તો...મીરાં, કબીર, સૂર, તુલસી, નાનક, ચૈતન્ય મહાપ્રભુ, નરસિંહ મહેતા, તુકારામ, એકનાથ વગેરેએ જેને અંગિકાર કર્યું—અપનાવ્યું—તે સાધનને તમે સૌ પણ અપનાવી લો. તે છે ભગવત્‌નામ. તેમણે ભગવત્‌નામનો સહારો લીધો. 'ગુરુ ગ્રંથ સાહેબ'માં તો આદ્યોપાન્ત નામનો મહિમા ભર્યો છે. સંતોની વાણીમાં તો...! (અને—)તમે રામચરિતમાનસમાં જોશો તો તેમાં પણ....

સંત તુલસીદાસજીના રામાયણમાં તો—

**રામચરિત સત કોટિ મહં લિય મહેસ જિર્ય જાનિ ॥**

સો કરોડ શ્લોકબદ્ધ રામાયણ છે; જેમાંથી ભગવાન શિવજીએ 'રામ' નામના બે અક્ષર (પસંદ કર્યા—ગ્રહણ કર્યા—) લીધા. એક મહત્ત્વપૂર્ણ વાત એ છે કે...તમે ઘણા તાંત્રિક રહસ્યો સંબંધી સાંભળ્યું હશે, ઘણી ઉપાસના પદ્ધતિઓને સાંભળી હશે. ભગવાન શિવજી (પણ—) મા ભગવતી શિવાને સમજાવે છે—ઉપદેશ આપે છે. પરંતુ ભગવાન શિવજી સ્વયં શું કરે છે?

એક દુકાનદાર છે. તેની દુકાનમાં ઘણી સામગ્રી હોય છે. તે એ બધી સામગ્રીને વેચતો રહે છે. પરંતુ તે સ્વયં કઇ વસ્તુનો ઉપયોગ કરે છે તે જરા વિચારણીય છે. તે સ્વયં જે વસ્તુનો

ઉપયોગ કરતો હશે, નિશ્ચિત છે કે તેની ગુણવત્તા શ્રેષ્ઠ હશે. તેની ક્વાલિટી સારી જ હશે. તેથી તે તેનો સ્વીકાર કરે છે.

તો.....ભગવાન શિવ સ્વયં શું કરે છે?

ઉપદેશને માટે તેમણે ભિન્ન ભિન્ન પ્રકારના ઉપાખ્યાન, પુરાણ, તંત્ર અને ઉપાસનાઓ બતાવી. પરંતુ (તેઓ—) સ્વયં શું કરે છે? **તુમ પુનિ રામ રામ દિન રાતી, સાદર જપહુ અનંગ આરાતી ।**

આ જે ભગવત્‌નામ (રામ) છે તે પરમ કલ્યાણકારી છે. ર આ મ — રામ શબ્દ છે ને...! તેમાં જે ર કાર છે તે અગ્નિ બીજ છે. જે તમારા અંતઃકરણમાં છૂપાયેલાં પાપોનો નાશ (દગ્ધ) કરી દેશે. મલિન સંસ્કારોને બાળી નાખશે. તમારા ઉજ્જવળ સ્વરૂપને—તમારા સાત્ત્વિક સ્વરૂપને પ્રગટ કરી દેશે. તેમાં જે અ કાર છે તે ભાનુ બીજ છે, જે તમારા હૃદયમાં પ્રકાશ કરી દેશે. તેમાં જે મ કાર છે તે ચંદ્ર બીજ છે, જે તમારા હૃદયમાં શિતળતા ભરી દેશે. જો યોગ્ય સાધન વડે, યોગ્ય રીતે...યોગ્ય રીતે? અર્થાત્ પરમાત્માનો આશ્રય લઈને, અન્ય અવલંબનોનો ત્યાગ કરીને—અત્યાર સુધી તમે જે અન્ય આશ્રયો લઈ રાખ્યા છે; વ્યક્તિઓના, પદના, સંપતિ વગેરેના....તે બધા જ આશ્રયોનો ત્યાગ કરીને એક માત્ર....જે રીતે મીરાં કહી શકી (કે—) **મેરે તો ગિરિધર ગોપાલ દૂસરા ન કોઈ**—એ જ પ્રકારની સ્થિતિમાં આપણા એકમાત્ર પ્રભુ! એકમાત્ર આરાધ્ય (તમે તેમને જે પણ નામથી પુકારતા હો....) હોય અને તેમનું મધુર મંગલમય નામ હોય; તેના નિરંતર જપ હોય તો નિશ્ચિત છે કે તમારા જીવનમાં એક ક્રાંતિ આવી શકે છે; એક પરિવર્તન આવી શકે છે.

અને....?!



નામના આ સાધનથી તમે બધી જ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકો છો. બધી ઉપલબ્ધિમાં....જે અત્યંત ગોપનિય રહસ્યો છે—**અથાતો બ્રહ્મ જિજ્ઞાસા ।** —તે બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકો છો. તે બ્રહ્મને જાણી શકો છો. તેની સાથે સંબંધ બાંધીને, તેની સાથે હળીમળીને, બેસીને તેના આનંદમાં તમે પણ સંમિલિત થઈ શકો છો. તે ઈશ્વર તમારી અંદર પ્રગટ થઈ જશે; તે ચેતના તમારી અંદર પ્રગટ થઈ જશે, અવતરિત થઈ જશે. તે સત્ય તમારી અંદર વ્યક્ત થઈ જશે. તે માટે સરળ સાધન છે : **ભગવત્ નામ! કલિયુગમાં તેના સમાન કોઈ બીજું ઉત્તમ સાધન નથી.**

**★ નામ પ્રભાવથી વધુ લાભાન્વિત થવા માટે અમારે નામ જપ કઈ વિશિષ્ઠ પરિસ્થિતિઓમાં અને કઈ રીતે કરવું જોઈએ?**

શ્રીરામ. ગોસ્વામી તુલસીદાસજી લખે છે;

**રામનામ સોઈ અંક હૈ। સબ સાધન હૈ શૂન ॥**
**અંક ગયે કછુ હાથ નહીં। અંક રહે દશ ગૂન ॥**

નામ અંક છે. સાધન શૂન્ય (૦) છે. અંકની સાથે (અંકની પાછળ) શૂન્ય લગાડવાથી દશ ગણુ ફળ આવે છે. કેવળ સાધન...શૂન્ય માત્ર છે. નામને ભૂલીને—નામને છોડીને (બાજુએ મૂકીને) જો આપણે સાધન કરીશું તો શૂન્ય જ રહી જઈશું.

હવે....નામ કઈ વિશિષ્ઠ પરિસ્થિતિઓમાં (લેવું જોઈએ?—)

આમ તો.....

**ભાર્યં કુભાર્યં અનખ આલસહૂઁ ।**
**નામ જપત મંગલ દિસિ દસહૂઁ ॥**

ભાવથી, કુભાવથી, વેરભાવથી, આળસમાં, બગાસુ આવે

ત્યારે (અર્થાત્ ગમે તે રીતે; ગમે ત્યારે—) નામ લો, તેનાથી અવશ્ય કલ્યાણ થશે. પરંતુ તે કઇ રીતે?

એક વૈદ્યની પાસે એક રોગી ગયો. રોગીને વૈદ્યે તપાસ્યો. નાડી પરીક્ષણ કર્યું. નાડી પરીક્ષણ કર્યા બાદ કહ્યું કે ભાઈ! તમને પિત્ત પ્રકોપ થઈ ગયો છે. તે માટે આ ઔષધિ...અમુક અમુક...અનુપાન વિધાનથી લેવાની છે. સારા થઈ જશો. સંયમ નિયમનું પાલન કરવું પડશે. રોગીએ કહ્યું કે હું સંયમ નિયમનું પાલન તો નહીં કરી શકું. અનુપાનની વ્યવસ્થા પણ મારી પાસે નથી. વૈદ્યે કહ્યું ઠીક છે. ઔષધિ લઈ જાવ. સેવન કરજો. કામ કરશે. આ રીતે ગોસ્વામી તુલસીદાસજીએ ચારે પ્રકારના (ચાર પ્રકારના ભક્તો છે : આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની) ભક્તોને માટે નામની સાધના બતાવી છે.

આર્ત ભક્ત સંકટના સમયમાં ભગવાનનું નામસ્મરણ કરે છે. જેમ કે.....ગજ અને ગ્રાહનું યુદ્ધ થઈ રહ્યું છે—ગજે (હાથીએ—) ભગવાનને પુકાર્યા; દ્રૌપદીએ ભગવાનને પુકાર્યા. ભગવાને આવીને તેમની રક્ષા કરી. એ જ રીતે કલિકાલમાં પણ જોવા મળે છે; ભારે સંકટમાં પ્રાણી ફસાય છે ત્યારે ભગવાનને પુકારે છે—ભગવાનનો આશ્રય લે છે, ભગવાનના નામનો જપ કરે છે, સંકટ દૂર થઈ જાય છે. એક વાર...કેટલાંક બાળકો સાથે અમે કેદારનાથ (હિમાલય) પાસે એક ચોરાવાડી તળાવ છે ત્યાં ગયા હતા. (રસ્તામાં—) થોડો હિમપાત થવા લાગ્યો. મેં કહ્યું કે....જુઓ! શ્રીરામનાથ મહામંત્ર છે. જો તમે તેનો જપ કરશો તો હિમપાત અટકી જશે. તેમણે શ્રીરામ જય રામ જય જય રામ...શરૂ કર્યું. સ્વાભાવિક છે....(હિમપાત—) થોડો ઓછો થયો. તેમને વિશ્વાસ થઈ ગયો. અને નિષ્ઠા વધી



કે....હા! નામમાં શક્તિ છે. તો આ રીતે....! જો કે....ખ્યાલ રાખો કે....નાની મોટી વાતને માટે ભગવાનના નામનો જપ કરવો એ સારું તો નથી.

કબીર સાહેબ પાસે કેટલીક વ્યક્તિઓ પહોંચી.

સાહેબ તો તે સમયે બહાર ગયા હતા. તેમનો શિષ્ય અથવા પુત્ર....કમાલ ત્યાં હતો. તેમણે કહ્યું;

‘તમે બધા કેમ પધાર્યા છો? શા માટે આગમન થયું છે?’

‘સાહેબને મળવું હતું?’

‘શા માટે મળવું હતું?’

‘અમે બધા આ અસાધ્ય રોગથી પીડિત છીએ અને આ રોગના નિવારણ અર્થે કબીર સાહેબના આશીર્વાદ ચાહતા હતા!’

‘બસ! એટલી જ વાત છે ને! બોલો શ્રીરામ...શ્રીરામ...શ્રીરામ...’

ત્રણવાર શ્રીરામ બોલાવ્યું.

અને...તેમને જોત જોતાંમાં રોગથી મુક્તિ મળી.

કમાલ નાચવા લાગ્યો. કમાલને ખૂબ પ્રસન્નતા થઈ કે આજે તો કમાલ થઈ ગઈ; ત્રણ વાર ભગવાનનું નામ લીધું અને રોગ દૂર...! આજે તો તેને ખૂબ મોટી ઉપલબ્ધિ મળી હતી. સાહેબ આવ્યા. તો...હૃદયમાં ગૌરવનો ખૂબ અનુભવ કરતાં તે સાહેબને મળ્યો. સાહેબ તો બધું જ જાણતા હતા. તેમણે પૂછ્યું. ‘વત્સ! આજે કોઈ આવ્યું હતું?’

‘હા ભગવાન! કેટલાક લોકો આવ્યા હતા; રોગી હતા. મેં તેમને કહ્યું કે—ત્રણ વાર શ્રીરામનામ લો—રોગ દૂર થઈ જશે. તેમણે ત્રણ વાર શ્રીરામનામ લીધું. રોગ દૂર થઈ ગયો.’

(અનુસંધાન પૃષ્ઠ ૫૯ ૫૨)